# ગોરબાઈ

ગોરબાઈ એક એવું પર્વ છે કે જે દરેક કન્યા દ્વારા મનાવવામાં આવે છે, જેમાં કુંવારી કન્યાથી લઈને વિવાહિત મહિલા દ્વારા સંપૂર્ણ શ્રદ્ધા અને વિધિવિધાનથી ગૌરીનું પૂજન થાય છે. આ પૂજા કુંવારી કન્યાઓ સારા પતિની કામના અને વિવાહિત સ્ત્રીઓ પોતાના પતિના દીર્ઘાયુષ્ય અર્થે કરે છે. કુંવારી કન્યાઓ અને વિવાહિત મહિલાઓ સોળ શણગાર સજી પૂરા સોળ દિવસ સુધી તમામ વિધિવિધાનથી શ્રદ્ધાપૂર્વક આ વ્રત કરે છે.

ગોરબાઈ દીવની મહિલાઓનો સૌથી મહત્ત્વપૂર્ણ તહેવારોમાંનો એક છે કે જે ગૌરીની ઉપાસના કરતી કુંવારી અને પરિણીત મહિલાઓને ધ્યાનમાં રાખીને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવે છે. ગૌરી ભગવાન શિવની પત્ની છે, જે વૈવાહિક આનંદનું પ્રતીક છે.

અમુક વર્ષો અગાઉ આપણા સમાજની કન્યાઓએ આ ગોરબાઈના પર્વની ઉજવણી બ્રિટનમાં પણ શરૂ કરી છે, જે મુખ્યત્વે ગ્રેટર લંડન અને તેની આસપાસના વિસ્તારો તેમજ બેસિંગ્સ્ટોક, બ્રેકનેલ, બ્રિસ્ટોલ, ચેલ્તેન્હમ, ફાર્નબોરો, લેસ્ટર અને રેડીન્ગ, જેવા વિવિધ સ્થળોએ રહેતાં આપણા સમુદાયની બહેનો દ્વારા પૂરી શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક કરવામાં આવે છે.

ગોરબાઈની પૂજા ફાગણ વદ પડવાથી ચૈત્ર સુદ ત્રીજ સુધી રાખવામાં આવે છે જેનો પ્રારંભ ગોરબાઈનાં ગીતોથી થાય છે. પ્રથમ દિવસથી લઈને વિસર્જન સુધી વ્રત રાખનારે એક સમય ભોજન લેવાનું હોય છે. જ્યાં સુધી ગૌરીનું વિસર્જન નથી થતું ત્યાં સુધી પ્રતિદિન વિધિવિધાનથી પૂજા કરવાની હોય છે. તદ્દુપરાંત રોજ માતાજીને ભોગ લગાવવામાં આવે છે. ગૌરી, ઉમા, લલિતા, સુભગા, ભગમાલિની, કાત્યાયની, ભવાની, કામેશ્વરી, ભાર્ગવી અને અંબિકા માતા, આમ ગૌરીનાં આ બધા જ સ્વરૂપોની શ્રદ્ધાપૂર્વક પૂજા કરવામાં આવે છે.

દેવી ગૌરીની સ્થાપના ઉપર સૈભાગ્યની વસ્તુઓ જેવી કે કંકુ, મેંદી, કાજળ, વગેરે સામગ્રી ચડાવવામાં આવે છે. ત્યારબાદ ગૌરીજીને ભોગ લગાવી આરતી કરવામાં આવે છે.

## પૂજા માટે જરૂરી વસ્તુઓ

એક બાજઠ, પાણીથી ભરેલો કળશ, સોપારી, હળદરનો ગાંઠિયો, કેસર અને કોડાં. આ ઉપરાંત કંકુ, કાજળ, મેંદી, ગેહૂઆં ગોળી, અબીલ, ગુલાલ, નાડાછડી, ફૂલ, પાન, એલચી, લવિંગ, ધ્રો, દાડમની કળી, હાયડા, કમળકાકડી, ધાણી, ખજૂર, ખારેક, આલૂ, ટોપરું, અખરોટ, બદામ અને કાજુ પણ જરૂરી છે.




આ તસવીરમાં પૂજા માટે જરૂરી વસ્તુઓ તેમજ પૂજાનું સ્થાન જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

## પૂજા

હોળીના એક દિવસ પછી બહેનો માતા ગૌરીની એક માટીની મૂર્તિ બનાવે છે. ઘરના મુખ્ય ખંડમાં યોગ્યતા પ્રમાણે સૂર્યદેવ સામે દીવાલને અડીને એક બાજઠ મૂકવામાં આવે છે, જેના પર માતા ગૌરીની આ માટીની મૂર્તિ મૂકવામાં આવે છે અને એમની પ્રશંસામાં પરંપરાગત લોકગીતો ગાવામાં આવે છે. આ મૂર્તિને તેજસ્વી વસ્ત્રો અને ઝવેરાતથી સુંદર રીતે શણગારવામાં આવે છે. લાકડાંના આ બાજઠની પાછળની દીવાલ પર ચોરસ આકારનો એક ચોકો લીંપવામાં આવે છે. અપરિણીત કન્યાઓ આ ચોકામાં કંકુ, કાજળ અને મેંદી વડે તિલક કરે છે. આ રીતે પૂજા દરમિયાન દરરોજ ચોકામાં તિલક લગાવવામાં આવે છે. કંકુ, કાજળ અને મેંદી સૈભાગ્યવતી સ્ત્રીના શણગારની વસ્તુઓ છે જે વૈવાહિક સુખ અને આનંદ સાથે સંકળાયેલા છે. આ વિધિ દ્વારા દેવી ગૌરીના દસ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. બાજઠ પર રંગોળી દોરવામાં આવે છે. ગોરબાઈના ગીતો ગાતા ગાતા ઘરની દરેક કન્યા માતા ગૌરીને પવિત્ર જળ વડે અભિષેક કરે છે તેમજ કંકુ, કાજળ, મેંદી અને ગેહૂઆં ગોળીના ચાંદલા કરી ફૂલનો હાર ચડાવે છે. માતા ગૌરીની પ્રતીમા આગળ સાત કોડી રાખી તેની કેસર અને હળદરથી પૂજા કરે છે. પાન, એલચી, લવિંગ, કમળકાકડી, દાડમની કળી, હાયડા, ખજૂર, ખારેક, ટોપરું, આલૂ, અખરોટ, બદામ અને કાજુ દેવી ગૌરીને સંપૂર્ણ વિધિવિધાન અને

ભક્તિભાવથી અર્પણ કરે છે. તેમને આલોપાલો ચડાવે છે અને ધાણીએથી વધાવીને વહેલા વહેલા આવવાનું આમંત્રણ આપે છે. પૂજા દરમિયાન મીઠો સુગંધિત ધૂપ કરે છે અને આલોપાલોનાં એક પાંદડાં પર ઘીનો દીવો પ્રગટાવી સવારે અને સાંજે આરતી કરે છે. આ પૂજા ચૈત્ર સુદ ત્રીજ સુધી રોજ દિવસમાં બે વાર કરવામાં આવે છે.

ફાગણ સુદ પડવાના દિવસથી અપરિણીત કન્યાઓ છિદ્રિત માટીના એક માટલાની અંદર ઘીનો દીવો મૂકી તેને પોતાના માથા પર ધારણ કરીને આડોશપાડોશમાં ઘેર ઘેર જાય છે, જ્યાં ગોરબાઈના ગીતો ગાય છે અને બાજરો તેમજ તેલ ભેટ તરીકે લોકો તરફથી મેળવે છે. આ તહેવાર આમ સોળ દિવસ સુધી ચાલુ રહે છે.




દેવી ગૌરીની સંપૂર્ણ વિધિવિધાન અને ભક્તિભાવથી પૂજા કરવામાં આવે છે તેમજ આલો પાલો અર્પણ કરી દીવો પ્રગટાવવામાં આવે છે અને ધાણીએથી વધાવીને ગૌરીજીને વહેલા વહેલા આવવાનું આમંત્રણ આપવામાં આવે છે એ આ તસવીરમાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.



આ તસવીરમાં માતા ગૌરીને પૂજા કરતી કુમારી કશિશ ઊર્મિલ જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.



આ તસવીરમાં માતા ગૌરીને પ્રાર્થના કરતાં શ્રીમતી જશમી દીનેશ અને કુમારી કશિશ ઊર્મિલ જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

## મેંદી

ધાર્મિક વિધિ દરમિયાન મેંદી વડે હાથ અને પગ પર સુંદર ભાત દોરી સુશોભિત થવું એ કોઈ પણ સ્ત્રીઓમાં લોકપ્રિય છે, જે મુખ્યત્વે કોઈ કુંવારી ક્ન્યાના લગ્ન સમયે કરવામાં આવે છે અને તે વૈવાહિક જીવનનું એક પ્રતીક પણ ગણાય છે. ગોરબાઈ એ એક એવો તહેવાર છે કે જે વૈવાહિક સુખ અને આનંદની ઉજવણી કરે છે. મહિલાઓ માટે મેંદીથી સુશોભિત થવું એ સ્વાભાવિક છે. એક લોકપ્રિય માન્યતા મુજબ કહેવાય છે કે મેંદીનો રંગ જેટલો ઘેરો એટલો તેઓના પતિઓ વધું પોતાની પત્નીઓને પ્રેમ કરશે અને તેમનો આદર કરશે.



આ તસવીરમાં ગોરબાઈ પ્રસંગે કન્યાઓ માટે હાથ અને પગમાં લગાવવાની મેંદીના શંકુ આકારના પડીકા જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.



કન્યાઓએ પોતાના હાથો પર પાડેલ મેંદીની સુંદર ભાત આ તસવીરમાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.



કન્યાઓએ પોતાના હાથો પર પાડેલ મેંદીની સુંદર ભાત આ તસવીરમાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

## વેવિશાળ અને ઘરેણાં

ચૈત્ર સુદ બીજ સુધી માતા ગૌરીની આ રીતે પૂજા કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન એક રવિવારે વેવિશાળ કરવામાં આવે છે. બાજઠની પાછળની દીવાલ પર કંકુ વડે એક સ્વસ્તિક દોરવામાં આવે છે, જેને ભગવાન શિવનું પ્રતીક માનવામાં આવે છે. વેવિશાળની પૂજાની થાળીમાં પાન, સોપારી, નાળિયેર, ખાંડ, લાલ રંગની ચુંદડી, ધાણી, ગેહૂઆં સૂતર અને ફૂલોની માળા હોય છે, જે માતા ગૌરીની પ્રતીમા આગળ મૂકી દીવો પ્રગટાવી પૂજા કરવામાં આવે છે.

ગુરુવારે, ઘરેણાંની વિધિ કરવામાં આવે છે. કન્યાઓ એકબીજાને ખાંડ ખવડાવે છે અને પોતપોતાની કંકાવટીમાંથી એક બીજાની કંકાવટીમાં આંગળી વડે કંકુ ભેળવે છે. આ રીતે સામસામા પક્ષની ચાર જુદી જુદી કન્યાઓ કંકુની આપલે કરે છે. ત્યાર પછી ફૂલ, સોપારી, પાન, નાળિયેર અને ગેહૂઆં સૂતર વડે પૂજા કરવામાં આવે છે. મૂર્તિને લીલા રંગની ચુંદડી અને ફૂલોની માળા અર્પણ કરવામાં આવે છે.



આ તસવીરમાં વેવિશાળના પ્રસંગે કુમારી ખિલોની ધીરેન્દ્ર તેમની બહેન કુમારી નીલમ ધીરેન્દ્રને ખાંડ ખવડાવતાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.



આ તસવીરમાં વેવિશાળના પ્રસંગે કુમારી વ્રીતિ જીતેન અને કુમારી ક્રીતિ હિતેશ એકબીજાને ખાંડ ખવડાવતાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.




આ તસવીરમાં કન્યાઓ અને મહિલાઓ ગરબા રમતા જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

## મંડપ મુહૂર્ત

ગોરબાઈનું વ્રત કરનારી કન્યા અમાસના દિવસે મંડપ મુહૂર્તની વિધિ કરે છે. આ વિધિ તે બીજે વર્ષે ગોરબાઈ પૂજાનું વ્રત કરવાની દરખાસ્ત કરનાર અવિવાહિત કન્યા સાથે મળીને કરે છે. આ વિધિમાં વ્રત કરનારી કન્યાને સાથિયા પક્ષ (ભગવાન શિવનું કુટુંબ) તરીકે ઓળખવામાં આવે છે જ્યારે વ્રત કરવાની દરખાસ્ત કરનારી અવિવાહિત કન્યાને માતા ગૌરીના પક્ષ તરીકે ઓળખવામાં આવે છે. આ વિધિની શરૂઆત ગણેશ સ્થાપનથી થાય છે, જ્યારે આ પ્રસંગે ગણેશજીને હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવે છે. આમ કરતાં એમ માનવામાં આવે છે કે પ્રસંગમાં તેમની ઉપસ્થિતિથી કોઈપણ જાતના અવરોધો દૂર થાય છે, સર્વસિદ્ધિ પ્રાપ્ત થાય છે તેમજ કુદરતી કે કૃત્રિમ તમામ આપત્તિઓમાંથી માર્ગ મળે છે.

### ગણેશ સ્થાપન

ગણેશ સ્થાપન માટે નીચેની વસ્તુઓ ઉપયોગમાં લેવામાં આવે છે: પાણી, પંચામૃત, સોપારી, ઘી, કંકુ, અબીલ, ગુલાલ, ધ્રો, પાન, ગણેશની મૂર્તિ, લાકડાંનો એક બાજઠ અને જનોઈ.

સર્વ પ્રથમ લાકડાંનો એક બાજઠ લેવામાં આવે છે, જેના પર નાગરવેલના પાન પાથરવામાં આવે છે. ત્યારબાદ ભગવાન ગણેશની મૂર્તિને પંચામૃત તેમજ પાણીથી સ્નાન કરાવી અને સોપારી સહિત પાન પર ધારણ કરવામાં આવે છે. ભગવાન ગણેશને પવિત્ર જનોઈ પહેરાવવામાં આવે છે. ત્યારબાદ પવિત્ર મંત્રોચ્ચાર સાથે તેમજ ધૂપ, દીવો, કંકુ, અબીલ, ગુલાલ, ફળો, ધ્રો, દાડમની કળી અને ફૂલો વડે પૂજા કરવામાં આવે છે.



આ તસવીરમાં ગણેશજીની સ્થાપના જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

આ પછી "માંડવો" અથવા મંડપ રોપણની વિધિ કરવામાં આવે છે જ્યાં પ્રસ્તાવિત મંડપના સ્થાનને બધા દુષ્ટ પ્રભાવોથી મૂક્ત કરવા અને ધરતી માતાના આશીર્વાદ મેળવવા તેમજ મંડપ બનાવવા માટેની માટીના ઉત્ખનનની શરૂઆત કરવા અંગે પરવાનગી માગવા માટે પૂજા થાય છે.

**મંડપ રોપણ**

મંડપ રોપણ માટે નીચેની વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે: રેતી, કંકુ, અબીલ, ગુલાલ, પંચામૃત, પાણી, પાન, ઘી, ખજૂર, કોડાં, સોપારી, નાળિયેર, નાડાછડી, સાત ગાંઠવાળો વાંસનો સ્તંભ, મીંઢોળ અને ગેહૂઆં સૂતર.

સૌ પ્રથમ મીંઢોળ અને નાગરવેલના પાંચ પાન નાડાં વડે વાંસના સ્તંભની ઉપલી ટોચ પર બાંધવામાં આવે છે. આ સ્તંભને એક થાળી પર મૂકી પંચામૃત અને પાણીથી સ્નાન કરાવવામાં આવે છે. ત્યારબાદ એ સ્તંભની સાત ગાંઠો પર કંકુના ચાંદલા કરી અબીલ અને ગુલાલ છાંટવામાં આવે છે. સ્તંભનો નીચેનો ભાગ જમીનમાં એક ખાડો કરીને તેમાં ઊભો ખોંસવામાં આવે છે, જે સારાં નસીબ અને સંપત્તિનો સંકેત દર્શાવે છે. (વિદેશમાં આ સ્તંભને જમીનમાં ખાડો કરીને તેમા ઊભો મૂકવાને બદલે માટીથી ભરેલા વાસણમાં ખોંસવામા આવે છે). એ પછી સાત સોપારી અને સાત કોડાં આ સ્તંભ મૂકેલા ખાડામાં અથવા વાસણમાં પધરાવીને આસપાસની ધૂળ વડે તેને આવરી લેવામાં આવે છે અને ત્યાર પછી દિવાલ પર કંકુના ચાંદલા વડે ૨૮ બિંદુઓની ત્રિકોણીય ભાત બનાવવામાં આવે છે. પહેલાં ચાંદલા પર ઘીમાં બોળેલું ખજૂર ચોટાડવામાં આવે છે. ત્યારબાદ તેના ઉપર ગેહૂઆં સૂતર ચડાવી કંકુના છાંટા નાખવામાં આવે છે અને એક નાળિયેર વધેરવામાં આવે છે. આ નાળિયેર અપરિણીત કન્યાઓને ખજૂર સાથે પીરસવામાં આવે છે.



આ તસવીરમાં દિવાલ પર કંકુના ચાંદલા વડે ૨૮ બિંદુઓની ત્રિકોણીય ભાત બનાવવામાં આવે છે જે માટે કુમારી ખિલોની ધીરેન્દ્ર તેમની માસી દીનીતા ભદ્રશી સાથે મળી આ વિધિ કરતાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

## મહિલાઓ મુહૂર્ત માટે માટી લાવે છે

સાત સોપારી, સાત કોડાં અને સાત નાના નાના પથ્થરો જમીન પર મૂકવામાં આવે છે. તેના પર કંકુના ચાંદલા કરવામાં આવે છે, કંકુના છાંટા નાખવામાં આવે છે અને ગેહૂઆં સૂતર ચડાવી એક નાળિયેર વધેરવામાં આવે છે. આ પછી બહેનો માટી મેળવવા ખેતરે જાય છે, જ્યારે ખેડુતણને તેમના ખોળામાં અખિયાણાના રૂપે ઘઉં, સવા રૂપિયો અને નાળિયેર આપવામાં આવે છે. બદલામાં ખેડુતણ તેઓને થાળીમાં ઘઉં અને થોડી માટી આપે છે, જે તેઓ પોતાને ઘરે લઈ જાય છે.

ત્યારબાદ આ માટીને ભીની અને પાતળી બનાવવામાં આવે છે અને દિવાલ પર ઘઉંવારી કાઢવામાં આવે છે, જેના પર કંકુના ચાંદલા કરી ગેહૂઆં સૂતર ચડાવવામાં આવે છે.



ખેડુતણ પાસેથી મુહૂર્તની માટી મેળવતાં પહેલાં સાત સોપારી, સાત કોડાં અને સાત નાના નાના પથ્થરો જમીન પર મૂકી તેના પર કંકુના ચાંદલા કરી, ગેહૂઆં સૂતર ચડાવી અને નાળિયેર વધેરવામાં આવે છે એ આ તસવીરમાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

## માટીનો ઘડો

અમાસની સાંજે કન્યાઓ અને મહિલાઓ ભેગી થાય છે અને ગોરબાઈના ગીતો ગાતી ગાતી નજીકના કુંભારને ત્યાંથી માટીનો ઘડો મેળવવા માટે ઈંઢોણી લઈને જાય છે. સાથે સાથે તેઓ કુંભારણ માટે અખિયાણું પણ લઈ જાય છે. તેઓ કુંભારણને કંકુનો ચાંદલો કરી અખિયાણામાં ઘઉં, સવા પાંચ રૂપિયા અને નાળિયેર અર્પણ કરે છે. બદલામાં કુંભારણ પણ આ અપરિણીત કન્યાને ચાંદલો કરી માટીનો એક ઘડો અને સંપુટ આપે છે. ત્યારબાદ ઘડાને કંકુનો ચાંદલો કરવામાં આવે છે અને ગળે ફૂલની પાતળી માળા બાંધવામાં

આવે છે. ઘડાને માટીના સંપુટ અને નાના કાપડ વડે આવરી લેવામાં આવે છે. પછી એક રૂમાલના ચાર ખૂણે બાંધેલી ચાર નાની લાકડીઓ વડે બનાવેલાં છત્ર સાથે પરિણીત બહેનો અને કન્યાઓ પોતાને માથે ઈંઢોણી મૂકી વારાફરતી ઘડો લઈ ગીતો ગાતાં ગાતાં ઘરે લઈ આવે છે.



આ તસવીરમાં કન્યાઓ અને મહિલાઓ માટીનો ઘડો લઈ વાજતે ગાજતે પાછાં ઘરે ફરતી જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

## ઘરના પ્રવેશદ્વાર પર પોંખણાંની વિધિ

અગામી વર્ષે ગોરબાઈનું વ્રત કરવાનો પ્રસ્તાવ રાખનાર કન્યા ઘરના પ્રવેશદ્વાર પર આ વ્રત કરનારી કન્યાની પોંખણાં વિધિ કરે છે, ત્યારે બે ભાતના અને બે રાખના પીંડિયાં માથેથી ફેરવી ઉતારે છે. ત્યારબાદ વ્રત કરવાનો પ્રસ્તાવ રાખનાર કન્યા વ્રત કરનારી કન્યાની સામે પાણીનો કળશિયો તેના માથેથી ફેરવે છે અને તેના કાનની બાજુમાં આશકા કરી તેમાંથી આ કન્યાના જમણા પગે રાખેલ કોડિયાંના સંપુટ ઉપર પાણી રેડે છે. ત્યારબાદ વ્રત કરનારી કન્યા પોતાના એ જમણા પગની એડીથી તે કોડિયાંને તોડીને જમણે પગે ઘરમાં પ્રવેશે છે. બીજી સાત કન્યાઓ માટીના માટલાંને માથા ઉપરથી ઉતારી બાજઠ પર ગૌરીની મૂર્તિ પાસે મૂકે છે. મૂર્તિને કંકુ, અબીલ, ગુલાલ અને ધાણી સાથે પૂજી તેના પર રંગો છાંટે છે. ત્યારબાદ આરતી કરે છે અને ગરબા રમે છે.



આ તસવીરમાં કુમારી ખિલોની ધીરન્દ્ર તેના ઘરના પ્રવેશદ્વાર પર પોતાના માથે ઘડો લઈ આવે છે ત્યારે કુમારી નીલમ ધીરેન્દ્ર દ્વારા તેમની પોંખણા વિધિ કરવામાં આવે છે એ જોવામાં આવે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.



આ તસવીરમાં કન્યાઓ ગોરબાઈની આરતી કરતી જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

## ત્રીજના દિવસે પૂજા

ત્રીજના દિવસે વિવાહિત સ્ત્રીઓ અને કુમારિકાઓ આઠ અથવા દસ ફળો માતાજીને અર્પણ કરે છે, જે વિવિધ આકારોમાં બનાવેલાં હોય છે. તે ચાર પૂરી, બે આખળિયા, બે દીવડી અને બે ચોટલાના આકારોમાં હોય છે. ત્રીજની સવારે બાજઠની બન્ને બાજુ બે બે પૂરીઓ મૂકવામાં આવે છે. આ બન્ને બાજુની પૂરીઓ પર એક એક આખળિયો મૂકવામાં આવે છે અને તેના પર એક એક દીવડી મૂકીને પ્રગટાવવામાં આવે છે. બાજુની બન્ને પૂરીની નજીકમાં એક એક ચોટલો મૂકવામાં આવે છે. થાળીમાં સોળ ગણા મૂકી પાણીની ધારાવાડી દેવામાં આવે છે. ત્યારબાદ કુંવારી કન્યાઓ તેમજ નવપરિણીત મહિલાઓ આ ગણાની પૂજા કરે છે. તેઓ પોતાના બંન્ને હાથમાં એક એક ગણા રાખી સૌ પ્રથમ તેમને ગૌરીની સુશોભિત મૂર્તિ સાથે અને પછી તેઓની બંધ આંખો સાથે સંપર્કમાં લાવે છે. આ રીતે બધાજ ગણા અને ફળો વડે પૂજા કરવામાં આવે છે. આમ પૂજા કર્યા બાદ ચડાવેલ બધા ગણા અને અર્ધા ફળો પ્રસાદ તરીકે તેઓ પોતાના ઘરે લઈ જાય છે.



આ તસવીરમાં કુમારી રિશા દીવયેશ માતા ગૌરીને ફળોનો ભોગ ચડાવતાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.



આ તસવીરમાં કુમારી નીલી અનુપ માતા ગૌરીને ફળોનો ભોગ ચડાવતાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.


ત્રીજની સાંજે ગૌરીની મૂર્તિને બાજઠ સાથે સિંહાસન પર મૂકવામાં આવે છે. મૂર્તિને સુંદર વસ્ત્રો અને ફૂલોથી શણગારવામાં આવે છે અને પૂજા દરમિયાન મીઠો સુગંધિત ધૂપ પણ કરવામાં આવે છે. ત્યારબાદ સાત ફાફડાનો હાર બનાવીને સિંહાસન પર બાંધવામાં આવે છે, આરતી કરવામાં આવે છે અને ગોરબાઈના ગીતો ગાવામાં આવે છે. આ પવિત્ર પર્વના દિવસે મોડી રાત સુધી જાગરણ પણ કરવામાં આવે છે.




આ તસવીરમાં કુમારી ગ્રેસી ઉદય તેમની માતા શ્રીમતી નીતા જેંતીલાલ સાથે ફળોનો ભોગ ચડાવતાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.



આ તસવીરમાં શ્રીમતી જશમી દીનેશ અને કુમારી કશિશ ઊર્મિલ સિંહાસન પર ફાફડાનો હાર બાંધતાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.



આ તસવીરમાં શ્રીમતી દીનીતા ભદ્રશી, કુમારી તનવી વિલિયમ અને કુમારી હેન્સી વિલિયમ સિંહાસન પર ફાફડાનો હાર બાંધતાં જોવા મળે છે. છબી સૌજન્ય કુમારી ખિલોની ધીરેન્દ્ર.

## ઉદ્યાપન

પૂજા દરમિયાન દરરોજ પરંપરાગત લોકગીતો ગાવામાં આવે છે. ગોરબાઈ ઉત્સવના છેલ્લા દિવસે આ પૂજાનું વ્રત કરનારી કન્યા અન્ય કન્યાઓ સાથે મળીને પૂજાનું ઉદ્યાપન કરે છે. ફાફડાનો હાર સિંહાસન પરથી ઉતારી લેવામાં આવે છે અને સાથે સાથે બાજઠ અને ગૌરીની મૂર્તિ પણ નીચે ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ ગૌરીની મૂર્તિને બાજઠ સાથે બાજુની વાવ પાસે સ્નાન કરાવવા માટે લઈ જવામાં આવે છે અને ચૂંદડીનું પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. સૂર્યાસ્ત પહેલાં બહેનો માટીની મૂર્તિ સાથે ઘરે પાછી ફરે છે અને તેઓ દેવી ગૌરીની સ્તુતિ ગાય છે અને આમ સમગ્ર ગોરબાઈ પૂજાના ઉત્સવની પૂર્ણાહુતિ થાય છે.

# *લગ્ન તેમજ ધાર્મિક પ્રસંગે થતી અમૂક વિધિઓનું મહત્ત્વ અને આ વિધિઓનો ગોરબાઈ ઉત્સવ સાથે સંબંધ*

## પૂજા

કહેવાય છે કે પૂજાથી મનને શાંતિ અને એકાગ્રતા મળે છે. એટલે લોકો પોતાના ઘરમાં મોટા તહેવારો ઉપર કે વિશેષ પ્રસંગોએ પૂજાનું આયોજન કરે છે. હિંદુઓ સ્નાન અને સંધ્યાવંદન વગેરે કરી બહુ પવિત્રતાથી પૂજા કરે છે. તેનાં પંચોપચાર, દશોપચાર અને ષોડશોપચાર એવા ત્રણ ભેદ છે. ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય વડે કરાતી પૂજા પંચોપચાર કહેવાય છે. તે પાંચ ઉપરાંત પાદ્ય, અર્ઘ્ય, આચમનીય, મધુપર્ક અને આચમન હોય તે દશોપચાર કહેવાય છે અને આ બધા ઉપરાંત આસન, સ્વાગત, સ્નાન, વસન, આભરણ અને વંદન હોય તે ષોડશોપચાર કહેવાય છે. આહ્વાન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ઉપવિત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પ્રદક્ષિણા, નમસ્કાર અને પુષ્પાંજલી એમ પણ પૂજાના સોળ ઉપચાર કહેવાય છે. તાંત્રિક લોકો ૧૮, ૩૬ અને ૬૪ ઉપચારોથી પણ પૂજા કરે છે. પૂજાના વળી સાત્ત્વિક, રાજસિક અને તામસિક એવા ત્રણ ભેદ છે. નિષ્કામ ભાવે આડંબર વિના અને શુદ્ધ ભક્તિથી કરવામાં આવતી પૂજા સાત્ત્વિક, સકામ ભાવે આડંબર સહિત કરવામાં આવતી પૂજા રાજસિક અને વિધિ, ઉપચાર તથા ભક્તિ વિના માત્ર લોકોને દેખાડવા માટે કરવામાં આવતી પૂજા તામસિક કહેવાય છે. વળી નિત્ય, નૈમિત્તિક અને કામ્ય એવા પણ પૂજાના ત્રણ પ્રકાર છે. શિવ, ગણેશ, રામ, કૃષ્ણ વગેરેની રોજ કરવામાં આવતી પૂજા નિત્ય કહેવાય છે. પુત્રજન્મ વગેરે ખાસ પ્રસંગે ખાસ કારણથી કરવામાં આવતી પૂજા નૈમિત્તિક કહેવાય છે અને કોઈ ઇચ્છાની સિદ્ધિ માટે કરવામાં આવતી પૂજા કામ્ય કહેવાય છે. તમામ દેહને દેવરૂપ સમજી, તેની અંદર રહેલા આત્માને પોતાનું સ્વરૂપ સમજી, સર્વને અભયદાન આપવું એ જ ઇશ્વરપૂજન છે. એના વડે જન્મમરણ ટળે છે.

## મંડપમુહૂર્ત

મંડપમુહૂર્તની વિધિ ગણેશ પૂજા અને મંડપ રોપણથી શરૂઆત થાય છે; આ વિધિ સાથે કુટુંબમાં લગ્નની શરૂઆત થાય છે જે લગ્નના ત્રણ અથવા પાંચ દિવસ પહેલાં કરવામાં આવે છે.

આ વિધિની શરૂઆત ગણેશ સ્થાપનથી થાય છે, જ્યારે આ પ્રસંગે ગણેશજીને હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવે છે. આમ  એમ માનવામાં આવે છે કે પ્રસંગમાં તેમની ઉપસ્થિતિથી કોઈપણ જાતના અવરોધો દૂર થાય છે, સર્વસિદ્ધિ પ્રાપ્ત થાય છે તેમજ કુદરતી કે કૃત્રિમ તમામ આપત્તિઓમાંથી માર્ગ મળે છે. આ વિધિ એક બ્રાહ્મણ દ્વારા કરવામાં આવે છે.

## ગણેશ સ્થાપન

કહેવાય છે કે પૂજાથી મનને શાંતિ અને એકાગ્રતા મળે છે. એટલે લોકો પોતાના ઘરમાં મોટા તહેવારો ઉપર કે વિશેષ પ્રસંગોએ પૂજાનું આયોજન કરે છે. પૂજાના સમયે સર્વપ્રથમ શ્રીગણેશની પૂજા કરવામાં આવે છે. ગણેશજીની મૂર્તિની સ્થાપનાની સાથે જ પૂજાના સોપારીમાં ગણેશજીનું આહ્વાન કરવામાં આવે છે. કારણ કે શાસ્ત્રો પ્રમાણે પૂજાના સમયે સૌથી પહેલા ગૌરી અને ગણેશની સ્થાપના કરવી જરૂરી માનવામાં આવે છે. ગણેશજીનું આહ્વાન પૂજાના સોપારીમાં કરવામાં આવે છે કારણ કે, શાસ્ત્રો પ્રમાણે પૂજાનું સોપારી પૂર્ણ ફળ માનવામાં આવે છે અને તે અખંડિત હોય છે એટલે તેને પૂજાના સમયે ગૌરી-ગણેશના રૂપમાં માની તેના ઉપર જનોઈ ચડાવવામાં આવે છે.

## મંડપ રોપણ

કન્યાને ત્યાં લગ્નમંડપ બાંધતાં પહેલાં શરૂમાં કરાતી વિધિ કે તેનું મુહૂર્ત મંડપમુહૂર્ત અથવા મંડપારોપણ તરીકે ઓળખાય છે જ્યારે પ્રસ્તાવિત મંડપના સ્થાનને બધા દુષ્ટ પ્રભાવોથી મૂક્ત કરવા અને ધરતી માતાના આશીર્વાદ મેળવવા તેમજ મંડપ બનાવવા માટેની માટીના ઉત્ખનનની શરૂઆત કરવા અંગે પરવાનગી મેળવવા માટે પૂજા થાય છે.

આ પછી "માંડવો" અથવા મંડપ રોપણની વિધિ શરુ થાય છે. વરકન્યાના જમણા હાથમાં મીંઢળ બાંધવામાં આવે છે. લગ્ન પ્રસંગે આ ફળ માણેકસ્તંભને તથા વરકન્યાના કાંડે બાંધવાનો રિવાજ છે. તેનો વાસ્તવિક હેતુ નીચે પ્રમાણે સંભવિત છે. લગ્નનો પ્રધાન ઉદ્દેશ પ્રજાવૃદ્ધિ છે. મીંઢળ એ એક ચમત્કારિક ઔષધિરૂપ ફળ છે. તેને સંસ્કૃતમાં મદનફળ એટલે કામદેવનું ફળ પણ કહે છે એ પ્રાચીન કાળથી પ્રચલિત છે. આ ફળમાં નાડાછડી પરોવીને વરવધૂના કાંડે બાંધવાથી તેઓમાં ધર્મવિહિત સ્વાભાવિક કામનાનો ઉદય થઈ પ્રજોત્પત્તિની આશામાં ઉજ્જવળ પરિણામ આવે અને બેઉ શરીરમાંથી પ્રતિરોધ કરનારમાં પરમાણુઓ ફળના સંસર્ગથી નાશ પામે તેવી ભાવના સેવાય છે. માણેકસ્તંભ પણ આ વિધિમાં અર્પણ કરવામાં આવે છે, જે સારા નસીબ અને સંપત્તિનો સંકેત દર્શાવે છે.

## ઘઉંવારી કાઢવી

મુહૂર્ત અથવા શુકનમાં ઓસરીમાં સાથિયો કરવામાં આવે છે. મોતીથી ભરેલ સાથિયાનું ચિહ્ન કરવામાં આવે છે.

## ગોતરડો વધાવવો

ગોતરડો વધાવવાનો રિવાજ સાંસ્કૃતિક દ્રષ્ટિએ મહત્ત્વનો જોવા મળે છે. લગ્નના દિવસે સગા સંબંધીઓ તેમજ મિત્ર મંડળને જમણવાર આપવામાં આવે છે. આ દિવસે ગામનો કુંભાર વર અને કન્યા બન્નેના ઘરે નવું માટલું લઈને આવે છે. ત્યાર પછી આ માટલું ભાઈ અને ભાભી, રાજગોર સહિત વાજતે ગાજતે ગામને

કૂવે જઈ પાણી ભરીને માટલા ઉપર શ્રીફળ મૂકી માંડવે આવીને ઉપસ્થિત મહિલાઓને ઉતારવાનું કહે છે. તેને ગોતરડો વધાવવો કહે છે અને બહેનો 'ગોતરડો ઉતારો રે મહારાજ' જેવા ગીતો ગાય છે. આ વિધિમાં સમયાંતરે ઘણું પરિવર્તન થયેલ જોવા મળે છે.

## પોંખણાં વિધિ

આપણા સમાજમાં કન્યાપક્ષ તરફથી વરરાજાને પોંખવાની એક વિધિ થાય છે. જાન વાજતે ગાજતે કન્યાને માંડવે આવે છે ત્યારે કન્યાની માતા ખભે ખેસ રાખી આરતી અને પોંખણા લઈ વરને પોંખવા આવે છે. તે સૌ પહેલાં એક પછી એક પોંખણા વરને બતાવે છે. એનો દરેકનો એક ભાવાર્થ છે:

-ધૂંસર બતાવીને સમજાવે છે કે, હવે તમે સંસારના ગાડાના બે પૈડા સમાન છો. ધૂંસર ઉપાડવા તૈયાર થયાં છો તો બન્ને એકબીજાના સહકારથી ચલાવજો.

-મુસળ એટલે કે સાંબેલું એ બતાવીને સમજાવે છે કે, તમારા ઘરમાં હંમેશાં ધાન (અનાજ) ભર્યું રહે જેના દાણા તમે છડીને ફોતરા ઉડાડી વાપરજો. એટલે કે સંસારમાં એવા ઘણા સંજોગ આવશે કે જેમાં મૂળ સત્ત્વ લઈને છોડા ઉડાડવા પડશે.

-ચકલી બતાવીને કહેવા માગે છે કે, આ ધાન પર ઘણા સ્વાર્થરૂપી ચકલાઓ ચણવા આવી જશે એનાથી તમારા ધાનનું રક્ષણ પણ કરવાનું છે.

-રવઇ બતાવતા સમજાવે છે કે, સંસારરૂપી વલોણા વલોવી તેમાંથી નવનીત તારવજો.

-ત્રાક બતાવતા કહે છે કે, તમારા જીવનમાં ચોખ્ખું અને સફાઈદાર સૂતર કાંતજો અને એના તાણાવાણાથી સુમેળ સાધજો.

-ઝરોર (દીવા ઉપર ઢાંકેલ ચાળણી) બતાવતા વળી સમજાવે છે કે, સંસારનો દીવો સદાય જલતો રહે, પણ આ દીવાને ચાળણીથી ઢાંકી રાખજો જેથી તમને ક્યારેય એની ઝાળ ન લાગે. આમ પોંખણાનો પણ ગૂઢાર્થ છે. તે જ રીતે રાખના પીંડિયાનું છે, જે નજર ઉતારવા માટે લઈ શકાય છે.

આમ પોંખવા આવનાર સાસુ વરને ચોરીમાં આવતાં પહેલાં સાવધાન કરે છે જેનો જવાબ વરરાજા સંપુટ તોડીને આપે છે. વરને પોંખી લીધા પછી બે કોડિયાંના સંપુટને પગ તળે ભાંગીને વર માંડવામાં પ્રવેશે છે. આનાથી વર એમ કહેવા માંગે છે કે તમારી ચેતવણી હું સમજ્યો છું પણ મારા એકલાની આશા, ઈચ્છા, અરમાનો પર હું હવે નહિ ચાલું. એનો અહીં ભાંગીને ભૂકો કરૂં છું. હવેથી અમારા બન્નેની આશા, ઈચ્છા અને અરમાનો એક હશે તે પ્રમાણે જ જીવન યાત્રા કરીશું.

*આ પૂજામાં ઉપયોગમાં લેવાતી દરેક વસ્તુની વધુ માહિતી માટે અને આ વિધિના સંદર્ભમાં તેના મહત્ત્વ અને અર્થ સમજવા અર્થે નીચેની કડીઓ વાંચવા સરખી છે.*

**સોપારી** = વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ સોપારી એરેકા-કેટેચ્યુ-લીનાના શાસ્ત્રીય નામે જાણીતું વૃક્ષનું ફળ છે.

હિંદુ લોકોમાં કોઈ પણ ધાર્મિક કાર્ય કરતી વખતે સોપારીની જરૂર પડે છે. ગણપતિ પૂજન કે કોઈ પણ ધાર્મિક કાર્ય, ક્રિયા-કર્મકાંડ સોપારી વગર સંભવે જ નહિ. અને તેવે દરેક વખતે શ્રી ગણેશની સ્થાપના પણ સોપારી મૂકીને જ કરવામાં આવે છે. શુભ પ્રસંગે સોપારી વહેંચવાની પણ પ્રથા છે. લગ્ન કે જનોઈ પ્રસંગે પીઠી ચોળવા આવેલ સન્નારીઓને ગોળ સાથે સોપારી આપવાનો રિવાજ અજાણ્યો નથી. તેમ જ ઘણી વખતે નાળિયેરની જરૂર હોય પણ તે ગરીબને પરવડતાં ન હોય અથવા એવી પરિસ્થિતિ હોય કે કોઈ પણ હિસાબે મળતાં જ ન હોય ત્યાં 'નાળિયેરની રીત' ને બદલે 'સોપારીની રીત' ને શાસ્ત્રોએ બહાલી આપેલ છે.

**હળદર** = હળદર એક જાતના છોડનું મૂળ છે. તેનો રંગ પીળો અને મોહક છે. એની સુવાસ મધ્યમ હોય છે. ભોજનમાં રંગ અને સ્વાદ તથા દવા તરીકે વપરાતી ઉપયોગી અને જાણીતી ઔષધિ છે.

હિંદુ અને બૌદ્ધિક આધ્યાત્મમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. બૌદ્ધ સાધુઓના વસ્ત્રો હળદરથી બનાવેલ રંગમાં રંગવામાં આવે છે. હળદરના પીળા રંગને કારણે હિંદુ પુરાણોમાં તેને સૂર્ય સાથે સાંકળી લેવામાં આવે છે. હિંદુ પૂજાઓમાં હળદરના છોડને દુર્ગાનો અવતાર માની પ્રસ્થાપિત કરાય છે. દુર્ગામાતા સ્વયં હળદરના છોડમાં નિવાસ કરતાં હોવાનું મનાય છે. હળદરના ભૂકામાં પાણી ઉમેરી એક પિંડ બનાવવામાં આવે છે અને તેને ગણેશજી તરીકે પૂજામાં સ્થાપવામાં આવે છે.

**કંકુ** = ચાંલ્લો કે તિલક કરવાનો એક જાતનો લાલ ભૂકો; હળદર અને ખાટા રસની મેળવણીથી બનતું લાલ રંગનું ચૂર્ણ. તે કોરું તેમ જ પાણીમાં પલાળી ચાંલ્લા વગેરે કરવાના કામમાં આવે છે. વિવાહ વગેરે શુભ કાર્યમાં કંકુનો ઉપયોગ થાય છે. કંકુ છાંટવું = શુભ છે એવું દેખાડવું; મંગળમય કરવું.

**કેસર** = કેસરના છોડનું ફૂલ. તે ફૂલમાં એક પાતળી ડાંડી અને તે ડાંડીમાં પાંચ પાંખડી આશરે એક ઇંચ લાંબી અને લંબગોળ હોય છે. ડાંડીનો રંગ રતાશ પડતો પીળો અને પાંખડીનો રંગ ધૂપેલિયો હોય છે. આ પાંખડીઓની વચ્ચે કેસરના તંતુઓ હોય છે.

મૂર્તિ પૂજા અથવા આપણા કપાળે તિલક કરવા માટે તેમજ પ્રસાદ તરીકે ભેટ આપવા પણ કંકુ અને કેસરનો ઉપયોગ થાય છે. પૂજા દરમિયાન વપરાતાં આ કંકુ અને કેસર તમસ અને રજસ ગુણોને પ્રતીકાત્મક કરે છે. ભગવાનને આ દ્રવ્યો અર્પણ કરતાં આપણે આપણામાં સત્ત્વ ગુણની પ્રબળતા માંગીએ છીએ. કંકુ રંગે લાલ હોવાથી તે માનવ કે પ્રાણી માત્રમાં રહેલા રક્તને પ્રતીકાત્મક કરે છે, જયારે કેસર

શારીરિક તેજસ્વિતાનું પ્રતીક છે. ભગવાનને આ કંકુ અને કેસર અર્પણ કરતાં આપણે ભગવાનને શક્તિ, ઉત્સાહ અને દીર્ઘાયુષ્ય માંગીએ છીએ.

**કોડી** = દરિયાઈ જીવડાનું કોટલું; નાની શંખલી. ધોળી, રાતી અને પીળી એવી તેની ત્રણ જાત છે. હિંદી અને પેસિફિક મહાસાગરમાં પુષ્કળ મળે છે. તેની ચલણી નાણાં તરીકે અગાઉ ઉપયોગ થતો. આ કોટલું લીસું ધોળું અને કાંઈક રંગીન છાંટવાળું હોય છે. કોડીની ઝૂમ, માળા અને ઘરેણાં બને છે.

તંત્રમાં પ્રાચીન કાળથી જ કોડી, ચોખા અને સફેદ પલાશને ધન અને બુદ્ધિદાયક માનવામાં આવે છે. મહાલક્ષ્મીના પૂજનમાં પીળી કોડીઓ પણ રાખવી જોઈએ. આ કોડીઓ પૂજામાં રાખવાથી માતા લક્ષ્મી બહુ જલ્દી પ્રસન્ન થાય છે. આ સાથે જ ધન સંબંધિત બધી જ મુશ્કેલીઓ પૂર્ણ થાય છે.

**પૂર્ણકુંભ** = પવિત્ર જળ વગેરેથી ભરેલ કળશ અથવા ઘડો.

માટીનો, પિત્તળનો કે તાંબાનો કળશ જળ ભરેલો હોય છે. તેના મુખ પર આંબાનાં પાન ફરતે મૂકીને વચ્ચે શ્રીફળ મૂકેલું હોય છે. તેના ગળે સફેદ કે લાલ સૂતર બાંધેલું હોય છે, કેટલીક વાર તેને ફરતે ચોકડીની ભાત પાડીને નાડાછડી વીંટવામાં આવે છે. ઘડો વિવિધ પ્રકારના ચિત્રાંકનથી શણગારેલો હોય છે. આવો ઘડો કળશ કહેવાય છે. ઘડામાં જળ કે ચોખા ભરવામાં આવે છે ત્યારે તે પૂર્ણકુંભ તરીકે ઓળખાય છે. તે દિવ્યચૈતન્યથી ભરેલા દેહનું પ્રતીક છે. આવા ચૈતન્ય-શક્તિ-સભર દેહમાં અદ્દભુત કાર્યો કરવાની તાકાત આવે છે. ગૃહપ્રવેશ, લગ્નસમારંભ, દૈનિક પૂજા જેવા અગત્યના પ્રસંગોએ કળશની પૂજા કરવામાં આવે છે. પછી તેને સ્વાગતના પ્રતીકરૂપે પ્રવેશદ્વારે મૂકવામાં આવે છે. સંતમહાત્માઓના સ્વાગત વખતે પણ તેનો ઉપયોગ થાય છે.

કળશમાં રહેલું જળ, જેમાંથી સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ થઈ તે આદિ જળનું પ્રતીક છે. જળ સૌના જીવનદાતા છે અને આ વિશ્વમાં રહેતી તમામ જડચેતન વસ્તુઓ, વિશ્વમાં જે કંઈ મંગલમય છે તેવી અનેક નામરૂપાત્મક વસ્તુઓના સર્જનની ક્ષમતા ધરાવે છે. આમ્રપાન અને શ્રીફળ સૃષ્ટિનું પ્રતીક છે. કળશના ગળે બાંધેલું સૂત્ર જગતના સર્વ જીવોને સાંકળી લેતા પ્રેમનું પ્રતીક છે. તેથી કળશને મંગલકારી ગણી તેની પૂજા થાય છે.

બધી પવિત્ર નદીઓનાં જળ, બધા વેદોનું જ્ઞાન અને બધા દેવોના આશીર્વાદનું કળશમાં આવાહન કરવામાં આવે છે. તેટલા માટે જ અભિષેક તથા બધા પ્રકારની પૂજા વિધિમાં તેના જળનો ઉપયોગ થાય છે. મંદિરનો પાઠોત્સવ કે પ્રતિષ્ઠા મહોત્સવ બહુ ભવ્ય રીતે ઉજવાય છે અને તે વખતે મંદિરના શિખર ઉપર અનેક કળશના પવિત્ર જળનો અભિષેક – કુંભાભિષેક કરવા સહિત વિવિધ પ્રકારે પૂજા કરવામાં આવે છે.

જ્ઞાની પુરુષ પૂર્ણ હોય છે, કારણ કે તેઓએ પૂર્ણત્વની ઓળખ છે. તેઓ પ્રેમ અને આનંદથી ઊભરાતા હોય છે અને માંગલ્યના પ્રતીક છે. તેમની મહાનતાને આદર આપતા, તેમના સન્માનપૂર્ણ સત્કારરૂપે આપણે તેમનું પૂર્ણકુંભથી ભાવભર્યું અભિવાદન કરીએ છીએ.

**આરતી** = દેવમૂર્તિની સામે ઘીની વાટ અથવા કપૂરથી સળગાવેલ દીવો ઉતારવાની ક્રિયા.

આરતીમાં દેવી-દેવતાઓના નામનું ગુણગાન અને તેમનુ ધ્યાન કરવામાં આવે છે. તેનાથી સંબંધિત દેવતા પ્રસન્ન થાય છે. પરંતુ ધાર્મિક દૃષ્ટિકોણ સિવાય વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પણ એ બતાવે છે કે આરતી કરવી ખૂબ જ ફાયદાકારક હોય છે. અને સૌથી મહત્ત્વની વાત છે આરતીમાં પ્રયોગ થનારી સામગ્રી અને આરતી કરવાની રીત.

આરતી કરતી વખતે મનમાં એવી ભાવના હોવી જોઈએ, જાણે એ પંચ પ્રાણોની મદદથી ઈશ્વરની આરતી ઉતારી રહ્યા હોય. ઘીની જ્યોતિ યાચકની આત્માની જ્યોતિનું પ્રતીક માનવામાં આવે છે. એક પાત્રમાં શુદ્ધ ઘી લઈને તેમાં વિષમ સંખ્યા (જેવા ત્રણ, પાંચ કે સાત) માં દીવાની વાટને પ્રગટાવીને આરતી કરવામાં આવે છે. કપૂર દ્વારા પણ આરતી કરી શકીએ છીએ. સામાન્ય રીતે પાંચ વાટથી આરતી કરવામાં આવે છે. આરતીનો થાળ પિત્તળ, તાંબા, ચાંદી કે સોનાનો હોઈ શકે છે. દીવો ધાતુ, ભીની માટી કે ગૂંદેલા લોટનો હોય છે. આ દીવો ગોળ કે પંચમુખી, સપ્તમુખી અથવા વધુ પણ હોઈ શકે છે. તેને તેલ કે શુદ્ધ ઘી દ્વારા રૂની વાટથી પ્રગટાવવામાં આવે છે. આરતીમાં પાણી ભરેલો કળશ, નાળિયેર, મુદ્રા, તાંબાના સિક્કા ઉપરાંત નદીઓના પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. તાંબામાં સાત્વિક લહેરો ઉત્પન્ન કરવાની ક્ષમતા અન્ય ધાતુઓ કરતા વધુ હોય છે. તુલસીમાં વાતાવરણને શુદ્ધ કરવાની ક્ષમતા વધુ હોય છે. તુલસી ચરણામૃતમાં પ્રસાદના રૂપમાં પણ મૂકવામાં આવે છે.

આરતીની થાળી કે દીવો કે સહસ્ત્ર દીપને ઇષ્ટદેવની મૂર્તિની સામે ઉપરથી નીચે ગોળ ફેરવવામાં આવે છે. ફેરવવાની પ્રક્રિયામાં જે વૃત્ત બને છે તે ઓમના સ્વરૂપની જેવુ હોવુ જોઈએ. આરતીના દીપકને હાજર ભક્ત સમૂહમાં ફેરવવામાં આવે છે. લોકો પોતાના બન્ને હાથને નીચે ઊંધા કરી જોડી લઈ છે. આરતીને ફેરવીને પોતાના માથા પર લગાવે છે, જેનો ઉદ્દેશ્ય ઈશ્વર પ્રત્યે પોતાનુ સમર્પણ અને પ્રેમ બતાવવાનું હોય છે.

**કાજળ** = આંજણ; મેશ; દીવા ઉપર થતી ધુમાડાની કાળી રજ; દીપકીટ.

કંકુ, કાજળ અને મેંદી સૈભાગ્યવતી સ્ત્રીના શણગારની વસ્તુઓ છે જે વૈવાહિક સુખ અને આનંદ સાથે સંકળાયેલા છે.

**મેંદી** = નાનાં લીલાં પાંદડાંની એક બાગાયત વનસ્પતિ; મેંદી. મેંદીનો છોડ શુમારે માથોડું દોઢ માથોડું ઊંચો થાય છે, જેની સુગંધ મનમોહક હોય છે. તેનાં પાન અને બી શીતળ હોઈ દવા તરીકે વપરાય છે. હાથે પગે બળતરા થતી હોય તો તેનો રસ ચોપડાય છે. તેનાં પાંદડાં બારીક હોય છે. તેને વાટીને પગે અને હાથે લગાડ્યા હોય તો ચામડી ઉપર લાલ રંગ ચડે છે. દવામાં પણ તે વપરાય છે. તેનાં ફૂલનું અત્તર બનાવવામાં આવે છે, જેને હીનો કહેવાય છે. હાથે મેંદી મૂકવી = રંગ લગાડવા મેંદીની લૂગદી મૂકવી.

લગ્ન કે શુભ પ્રસંગે મેંદી મૂકવાની પ્રથા ક્યારથી અમલમાં આવી તે નક્કી કરી શકાતું નથી પણ મેંદી વિનાનો કોઈ સૌભાગ્ય પ્રસંગ શક્ય નથી. મેંદી સ્ત્રીઓ માટે જેટલી અનિવાર્ય છે તેનાથી વધુ પુરૂષ વર્ગ માટે લાગણીના ઉદીપક જેવી હોય છે. યુવા હૈયાને મેંદી રોમાંચક બનાવે છે તો સ્ત્રીઓને મેંદી શરમાળ પણ બનાવે છે પણ સરવાળે તો મેંદી પ્રેમસગાઈનું પ્રતીક હોય છે.

એક હૈયાંની ચુરપ્રચુર લાગણીને મૌન રીતે બીજા હૈયા સુધી પહોંચાડતો રંગ મેંદીનો હોય છે. કુદરકતની વ્યવસ્થાઓ પણ અજીબો ગરીબ હોય છે. પિયુ માટે પોતાનો પ્રેમ અને જોબનનું જોમ કેટલું ઘટ્ટ છે તે નવોઢાની લાલ ચટક મેંદીથી પિયુજીને ખબર પડતી હોય છે. લગ્ન સમયે નવોઢા સ્ત્રી અચૂક મેંદી મૂકે છે, તેની પાછળ નવદંપતીના સૌભાગ્યની ભાવના રહેલી છે. શુભ પ્રસંગો પર મેંદી મૂકવાથી પ્રંસગ વધુ ઉમંગદાયક બની જતો હોય છે. મેંદી દ્વારા જોનારાને પ્રેમની અભિવ્યક્તિ અનુભવાય છે.

પ્રાચીન કાળમાં લગ્નના ૨૧ દિવસ પહેલાં પૂનમ કે એકાદશીના દિવસે લગ્ન કરનારી કન્યા સખીઓ સાથે મેંદીના છોડ પાસે જઈ કુમકુમ અને અક્ષતથી ચાંલ્લો કરીને મેંદીને આમંત્રિત કરતી હતી. મેંદીના છોડ નીચે દીવડો કરીને કન્યા છોડને પ્રાર્થના કરતી કે તેના લગ્નજીવનમાં સદાય સૌભાગ્ય જળવાય રહે તે માટે તમારા રસતત્વને આમંત્રિત કરીએ છીએ. પૂનમ કે એકાદશીના બીજા દિવસે સવારે સખીઓ છોડ ઉપરથી મેંદીના પાન ઉતારતી હતી. મેંદીના છોડ નીચે કન્યાની ચૂંદડી પાથરીને બધી સખીઓ મેંદીના પાન તોડીને તેમાં ભેગા કરતી. પછી લગ્ન ગીતો ગાતાં ગાતાં આ મેંદીને ઘૂંટવામાં આવતી હતી.

આમંત્રણ આપીને બીજા દિવસથી ત્રણ દિવસ માટે રોજ સવારે સખીઓ સાથે તે છોડના પાંદડાઓ ઉતારવા જતા અને મંગળ ગીતો ગાતાં ગાતાં ત્રણ દિવસ સુધી ચૂંદડીમાં એકઠાં કરેલા પાનને ચોથા દિવસે વાટીને ઘૂંટવાની શરૂઆત થાય છે. આ ત્રણે દિવસ રોજ સખીઓ ભેગી થઈ મેંદીને વારંવાર ઘૂંટે છે. કસુંબો ઘૂંટાય તો વધુ મદ ચડે તેમ કન્યાએ હૈયું રેડીને ઘૂંટેલી મેંદીનો રંગ વધુ ઘટ્ટ અને પાકો બને છે. મંડપમુહૂર્તના ત્રણ દિવસ પહેલાંથી બે વાર કન્યાના હાથ, પગ અને વાળમાં ભાભીઓ તથા સખીઓ મેંદી મૂકે છે. જેના પહેલાં ખોળે દીકરો હોય તેવી પરણિતાના હાથે મેંદી મૂકાવવાથી પુત્રરત્નની પ્રાપ્તિ થવાની ભાવના પણ વણાયેલી છે.

એક શહેરથી બીજા શહેર અને એક ગામથી બીજા ગામ સુધી નવપરણિતોની લાગણીને પહોંચાડતી મેંદી પરંપરા માટે "મેંદી તે વાવી માળવે ને રંગ ગયો ગુજરાત રે .....મેંદી રંગ લાગ્યો" ગવાતું રહ્યું છે. મેંદીનો ખીલતો રંગ પ્રીતનો રંગ છે. મેંદી જેટલી ઘટ રંગ પકડે તેટલી ઘાટી પ્રીત નવદંપતીમાં ખીલે છે.

તામ્રપત્ર કે ભોજપત્ર ઉપર પંડિતો શુભયંત્રોની રચના કરે છે તેમ વિધિસર દાડમની ડાળખી લાવીને કન્યાના હાથ અને પગ ઉપર મેંદી મૂકવામાં આવે છે. બાજોઠ ઉપર બેસાડીને હળદર, કુમકુમ અને ચંદનના છાંટણાવાળી ચૂંદડી ઓઢાડી અને કન્યાના હાથ ઉપર મેંદી મૂકીને સૌભાગ્યની વિધી થાય છે. આધ્યાત્મિક રીતે મેંદીની રસમને લગ્નજીવનમાં ખૂબ મહત્ત્વની ગણાવાય છે. સૌભાગ્યનું યંત્ર કન્યાના હાથમાં રચવામાં આવે છે કારણ કે મેંદીમાં શુભાકર્ષણનો પ્રાકૃતિક ગુણ રહેલો છે. વાતાવરણમાંથી શાંતિના વિચારોની સાથે

સાથે હાથ, પગ અને માથા ઉપર મૂકાયેલી મેંદીથી કન્યાના શરીરને શીતળતા મળે છે કારણ કે માન્યતા મૂજબ મેંદીને લક્ષ્મી સ્વરૂપ ગણવામાં આવે છે.

મેંદી મૂકેલી નવવધૂના હાથમાં મેંદીનો રંગ રહે ત્યાં સુધી તેને કોઈ ઘરકામ કરવા દેવામાં આવતું નથી. મેંદીને આપણે આભૂષણ તરીકે ઓળખી રહ્યાં છીએ પરંતુ હકીકતમાં પ્રાચીન અને અર્વાચીન સમયમાં મેંદી હંમેશાં શુભપ્રસંગોમાં અવલ દરજ્જે રહી છે.

મેંદીમાં એક ખાસ પ્રકારનું અને મોહક સુગંધી દ્રવ્ય સમાયેલુ છે જે મંથનથી વધુ અસરકારક બને છે. તંત્ર વિજ્ઞાનમાં પણ મેંદીની સુગંધનો સારો ઉપયોગ થઈ શકે છે. મેંદીમાંથી નીપજતા હીના જેવા અત્તરનો ઉપયોગ ઘણી માંત્રિક અને અજ્ઞાત શક્તિઓની કૃપા મેળવવા થાય છે. મેંદી વિશે હજારો કવિતાઓ, ગઝલો અને શેરો લખાયા છે જેના કારણે કવિઓના મનમાં મેંદીનો રંગ વધુને વધુ ઘટ બનતો રહે છે. આથી મેંદી ક્યારેય ભૂતકાળ કે ભવિષ્યકાળ બનશે નહિ, મેંદી કાયમ વર્તમાન જ બની રહેશે.

**ગેહૂઆં ગોળી** = ચોખાનો લોટ, હળદરનો ભૂકો અને પાણીના મિશ્રણથી બનાવવામાં આવતો પિંડ, કે જેનાથી ગોરબાઈ ઉત્સવ દરમિયાન ગૌરીની મૂર્તિને તિલક કરવામાં આવે છે.

**અબીર** = એક જાતનો સુગંધીદાર સફેદ ભભરો ભૂકો; અબીલ.

**ગુલાલ** = શિંગોડાના લોટને કસુંબાનાં રંગથી રંગી કરેલો પદાર્થ; એક રાતા રંગનો સહેજ સુગંધીદાર ભૂકો; હળદર અને ચૂનાના મિશ્રણનો બનાવેલ લાલ ભૂકો. આનંદોત્સવ અને ખાસ કરીને હોળીના દિવસોમાં એ ખૂબ ઉડાવાય છે.

**નાડાછડી** = બે કે વધારે રંગની સૂતરની દોરી અથવા ગૂંછળી.

હિંદુ ધર્મમાં ઘણા રીતિ રિવાજો તથા માન્યતાઓ છે. આ રીતિ રિવાજો તથા માન્યતાઓનું માત્ર ધાર્મિક જ નહિ પરંતુ વૈજ્ઞાનિક કારણ પણ છે જે વર્તમાન સમયમાં પણ એકદમ બંધ બેસતું છે. હિંદુ ધર્મમાં પ્રત્યેક ધાર્મિક કાર્ય એટલે કે પૂજા-પાઠ, યજ્ઞ, હવન વગેરે પૂર્વ બ્રાહ્મણ દ્વારા યજમાનના જમણા હાથમાં નાડાછડી બાંધવામાં આવે છે.

શાસ્ત્રોમાં કહેવાયું છે કે નાડાછડી બાંધવાથી ત્રિદેવ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તથા ત્રણેય દેવિઓ - લક્ષ્મી, પાર્વતી અને સરસ્વતીની કૃપા પ્રાપ્ત થાય છે. બ્રહ્માની કૃપાથી કીર્તિ, વિષ્ણુની અનુકંપાથી રક્ષાબળ મળે છે તથા શિવ દુર્ગુણોનો વિનાશ કરે છે, આ પ્રકારે લક્ષ્મીથી ધન, દુર્ગાથી શક્તિ તથા સરસ્વતીની કૃપાથી બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

જીવ વિજ્ઞાનની દ્રષ્ટીથી જો જોવામાં આવે તો નાડાછડી ઉત્તમ સ્વાસ્થ્ય પણ પ્રદાન કરે છે. નાડાછડી બાંધવાથી શરીરમાં ગરમી, પિત્ત, તથા કફ સમતોલ રહે છે.

**ધૂપ** = ગૂગળ, વનસ્પતિ વગેરે અગ્નિમાં બાળતાં નીકળતો સુગંધી ધુમાડો; દેવપૂજનમાં અથવા તો સુગંધ માટે કપૂર, ગૂગળ, અગર કે બીજાં સુગંધી દ્રવ્યો બાળી કરાતો ધુમાડો.

પૂજાના એક ભાગરૂપે આપણે ભગવાનને ધૂપ અર્પણ કરીએ છીએ જેનો ધુમાડો આજુબાજુની હવા અને વાતાવરણમાં રહેલા નકારાત્મક તત્વોને દૂર કરી તેને શુદ્ધ અને પવિત્ર કરે છે. ધૂપનો ધુમાડો માયા, અજ્ઞાનતા અને સાંસારિક આવરણને દર્શાવે છે. આ નાશવંત દુનિયામાં એ અશુદ્ધિઓના આપણે શિકાર છીએ જે આપણને આત્મસાક્ષાત્કાર તથા મોક્ષના માર્ગથી દૂર રાખે છે. ભગવાનને ધૂપ અર્પણ કરતાં આપણું મન તથા શરીર પવિત્ર થાય છે અને વિવેકરૂપી જ્ઞાન મેળવી શકીએ છીએ.

**દીપ** = દીવો; બત્તી; જ્યોતિ; દીપક.

આપણું આ જગત અંધકાર અને પ્રકાશનું બનેલું છે. આપણું મન અને શરીર સાંસારિક માયા, અજ્ઞાનરૂપી અંધકાર અને એના દુષ્ટ પ્રભાવને આધિન છે. પૂજા દરમિયાન ભગવાન આગળ પ્રગટાવાતો દીવો જ્ઞાન, બુદ્ધિ, પવિત્રતા અને દેવત્વનું પ્રતીક છે. આ દીવો પ્રગટાવતાં આપણે આપણા કર્મોના દુષ્ટ પ્રભાવમાંથી ઉદ્ધાર, આ નાશવંત દુનિયાની અજ્ઞાનતામાંથી મુક્તિ અને દૈવિક ભાવનાઓ માંગીએ છીએ. આપણને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં જવાનો અને મોક્ષનો માર્ગ બતાવે એવું ભગવાન પાસે માંગીએ છીએ.

**ફળ** = ઝાડ, વેલા અને વનસ્પતિની બીજોત્પત્તિ; જેમાંથી સ્વજાતીય નવાંકુરનો ફરીને ઉદ્ભવ થાય એવી વનસ્પતિ ઊપજ; ફૂલમાંથી થતો પાક; વનસ્પતિનાં ફૂલ ખરી ગયા પછી થતો પાક; બીજથી ભરેલો અવયવ.

ભગવાનની પૂજા માટે અર્પણ કરેલા ફળો ભક્તની ભક્તિ માધુર્યનું અથવા આત્મશુદ્ધિનું પ્રદર્શન કરે છે. ભગવાનને ફળો અર્પણ કરતાં ભક્ત આત્મસાક્ષાત્કારની અનુભૂતિ કરે છે. ફળનો એક બીજો અર્થ કોઈ પણ પરિણામ અથવા પરિસ્થિતિના સર્જનનું કે તેની પૂર્ણતાનું પરિણામ એવો પણ થાય છે. ભગવાનને આમ ફળો અર્પણ કરીને આપણે આપણા કર્મો અને સિદ્ધિ અર્પણ કરીએ છીએ. જેમ ભાગવદ ગીતામાં કહ્યું છે તેમ ભક્તે કોઈ પણ જાતની ફળની આશા રાખ્યા વિના નિઃસ્વાર્થ ભાવે પોતાના કર્મો ભગવાનને અર્પણ કરવાના છે. ફળોનું ભગવાનને અર્પણ કરવું એ આ ભાવ દર્શાવે છે. આમ કરતાં આપણા પાપકર્મો માફ થતાં જાય છે.

**ગંધ** = સુગંધી પદાર્થ; ચંદન.

પૂજા દરમિયાન ભગવાનને ચંદન અથવા બીજા સુગંધી પદાર્થનું લેપન અર્પણ કરવામાં આવે છે. પૂજામાં વપરાતાં આ દ્રવ્યોનો ઉપયોગ દેવી કે દેવતા ઉપર આધાર રાખીને કરવામાં આવે છે. આમ કરવાથી આપણે આપણા અંતરમનને શુદ્ધ કરી આત્માની દૈવી સુવાસ ભગવાનને અર્પણ કરીએ છીએ. ગંધ પ્રતીકાત્મક રીતે ઈચ્છા, વાસના, ગમો અને અણગમો, અભિમાન અને અહંકારને દર્શાવે છે. આમ આ સુગંધી

દ્રવ્યો ભગવાનને અર્પણ કરીને આપણે આપણા અંતરમનને શુદ્ધ કરી આ દુષણો તેમજ દુર્ગુણોના પ્રભાવોથી મુક્ત થઈએ છીએ.

**પ્રસાદ** = દેવને ધરાવેલું અન્ન; દેવતાની આગળ ધરાવેલું નૈવેદ્ય.

પૂજા દરમિયાન ભગવાનને અર્પણ થયેલ ફળો, ભોજન વગેરે પ્રસાદ કહેવાય છે. પ્ર + સાદ, જેનો અર્થ પ્રાણને જ્ઞાનરુપી પ્રકાશ અને દૈવીભાવથી ભરવો એવો થાય છે. કહેવાય છે કે જયારે ફળો કે અન્ન ભગવાનને અર્પણ કરવામાં આવે છે ત્યારે આ ફળો કે અન્ન, પ્રકાશ અને દૈવી પવિત્રતાથી ભરપૂર થઈ જાય છે અને આ રીતે આ ફળ કે અન્ન પવિત્ર બને છે, જે ગ્રહણ કરવાથી આપણે જ્ઞાનરૂપી પ્રકાશ અને શક્તિથી તૃપ્ત થઈએ છીએ. પ્રસાદ દયા, શાંતિ અને ઈશ્વરકૃપાનું પ્રતીકાત્મક સ્વરૂપ છે. પ્રસાદ દ્વારા આ બધા ગુણો ભક્તમાં ઉતરે છે. અંતે યજમાન પ્રસાદને લોકોમાં વહેંચીને એક સત્કર્મ આચરે છે, જે એમને અને પ્રસાદ ગ્રહણ કરનાર બીજા ભક્તોને પણ લાભદાયી નીવડે છે.

**જનોઈ** = બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના પુરુષો ડાબા ખભા ઉપર થઈને જમણા પાસા લગી આડું પડી રહે એવું જે સત્તાવીસ તાંતણાવાળું રૂના તારનું પહેરે છે તે સૂત્ર; યજ્ઞોપવીત; ઉપવીત.

બ્રાહ્મણના છોકરાને આઠથી સોળ, ક્ષત્રિયના છોકરાને અગિયારથી બાવીશ અને વૈશ્યના છોકરાને બારથી ચોવીસ વર્ષ દરમિયાન ઉપનયન સંસ્કાર કરી ઉપવીત ધારણ કરાવવાની વિધિ છે. છોકરાઓને અભ્યાસ કરવા ગુરુને ઘેર મોકલતા પહેલાં વેદનો અધિકારી થાય એ હેતુથી આ ક્રિયા કરવામાં આવે છે. જનોઈ ધારણ કરવી એટલે બીજો જન્મ લેવો, શુદ્ધ થવું, ઊર્ધ્વગામી થવું એમ પણ મનાય છે.

**ખાંડ** = ગળપણવાળા રસને ઉકાળી તથા સ્વચ્છ કરી બનાવેલી રેતી જેવી કે પહેલદાર વસ્તુ; શર્કરા. સંસ્કૃતમાં શર્કરા શબ્દનો અર્થ સાકર થાય છે. પણ શર્કરનો મૂળ અર્થ કાંકરા છે. સાકરના ગાંગડાનો આકાર કાંકરા જેવો છે. તેનો આવાજ કાંકરા ભાંગવા જેવો થાય છે માટે સાકરને પણ શર્કરા કહી છે. સારામાં સારી ખાંડ શેરડીમાંથી બને છે. ખાંડ સૌ પ્રથમ ચીન અને હિંદુસ્તાનમાં બનતી. ખાંડ ખાવી = સગાઈ કરવી.

**નાળિયેર** = શ્રીફળ. તેની ઉપર કાથો એટલે રેસાવાળી છાલ, છાલ નીચે કઠણ કોટલું એટલે કાચલી અને તે કોટલામાં કોપરું હોય છે. તે કોપરાના વચલા ભાગમાં સહેજ ધોળું અને મીઠું પાણી રહે છે. લીલાં તાજાં નાળિયેરનું સ્વાદિષ્ટ પાણી લોકો પીને આનંદ માણે છે. સૂકા કોપરાના વાટકા પીલતાં તેમાંથી તેલ નીકળે છે. વનસ્પતિમાંથી નીકળતાં તેલોમાંનું આ તેલ એવું છે કે જે ઠંડી ઋતુમાં ઠરી જાય છે. કોપરેલ કેટલેક ઠેકાણે લોકો ખાય છે. લીલું સૂકું કોપરું પૌષ્ટિક હોવાથી લોકો ખાય છે. તેના ખમણની મીઠાઈ પણ બને છે. તેને કોપરાપાક પણ કહેવાય છે. તેનું પાણી શીતળ અને મૂત્રલ મનાય છે. ટોપરામાંથી નીકળતું તેલ મલમ બનાવવાના કામમાં આવે છે. આ તેલમાં કેશની વૃદ્ધિ કરવાનો પણ ગુણ છે. નાળિયેરનું પાણી મૂત્રકૃચ્છ્ર તથા પછાટ ઉપર પવાય છે. શ્રીફળ સગપણમાં તથા શુભ પ્રસંગમાં તેમ જ મરણાદિમાં પણ વપરાય છે. તેનાં છોડાંનાં દોરડાં બને છે. (૧) નાળિયેર ચડાવવું = નાળિયેરનું નૈવેદ્ય ધરાવવું; દેવને

નાળિયેર ધરવું. હિંદુઓ દેવને ભોગ ધરવા નાળિયેરનો ઉપયોગ કરે છે. જ્યારે કોઈ દેવને નાળિયેર માન્યું હોય ત્યારે અથવા ખુશીથી તેમની સમક્ષ નાળિયેર વધેરવામાં કે ધરાવવામાં આવે છે, તેને નાળિયેર ચડાવવું કહેવાય છે. નાળિયેર શુભ ગણાય છે. કોઈને વિદાય કરતાં હાથમાં નાળિયેર આપવામાં આવે છે જે શુભ ગણાય છે. કોઈ જાત્રાએ જતું હોય અથવા કોઈ પરણવા જતું હોય ત્યારે પણ શુભ શુકનની નિશાનીમાં નાળિયેર આપવાનો રિવાજ છે. નાળિયેર મળ્યા બાદ વિદાય થઈ શકાય છે. (૨) નાળિયેર પાટલવું = નાળિયેર બદલાવવું; સગપણ કરવું. વરરાજાને પાટલે બેસાડી હાથમાં નાળિયેર આપવું. (૩) નાળિયેર બદલાવવું = સગપણ કરવું. સગપણ વખતે કન્યાપક્ષ તરફથી એક વ્યક્તિ શ્રીફળ લઈને વરપક્ષે જાય છે, જ્યાં તે શ્રીફળ વધાવી લેવામાં આવે છે અને શ્રીફળ લઈ આવનારને શીખમાં કન્યાપક્ષ તરફથી શ્રીફળ આપવામાં આવે છે. આમ શ્રીફળ અદલબદલ થાય છે, તેથી સગપણ કરવાને નાળિયેર બદલાવવું કે નાળિયેર પાટલવું કહે છે.

હિન્દુ માન્યતા અનુસાર, દર કર્મકાંડમાં નાળિયેર હોય છે. તેને શુભ, સમૃદ્ધિ, સન્માન, પ્રગતિ અને સૌભાગ્યનું નિશાન માનવામાં આવે છે.

**ફૂલ** = ફૂલોનો ઉપયોગ બહુ પ્રાચીન કાળથી શોભા અને સુગંધ માટે થતો આવેલ છે. હિંદુ સંસ્કૃતિઓમાં દેવ-દેવીઓની પૂજા સામાન્ય છે અને આ માટે મંદિરમાં તેમના પર ફૂલો ચડાવાય છે. (૧) ફૂલ ચડાવવાં = મૂર્તિ ઉપર ફૂલ અર્પણ કરવાં.

ફૂલોમાં સુગંધ, રંગ, સુંદરતા અને કોમળતા છે, જે નિઃસ્વાર્થતા, આત્મભોગ, વૈરાગ્ય, શરણાગતિ અને સર્વે સકારાત્મક ભાવનાઓનું પ્રતીક છે. ભગવાનને ફૂલ અર્પણ કરીને ભક્ત પોતાની ભક્તિ, લાગણીઓની શુદ્ધતા અને પ્રામાણિકતા જાહેર કરી એમના પારસ્પરિક પ્રેમના આશીર્વાદ મેળવે છે. આપણા મનમાં ઉદ્ભવતી સારા કે નરસાની, બુધ્ધિચાતુર્ય કે ભ્રાંતિની, જ્ઞાન કે અજ્ઞાનની દરેક લાગણીઓ અને ભાવનાઓનું પ્રતીક આ ફૂલો છે. ભગવાનને ફૂલો અર્પણ કરીને આપણે આ બધીજ સાંસારિક ભાવનાઓથી શુદ્ધ થઈએ છીએ.

**પાન** = નાગરવેલ; પાનવેલ; તાંબૂલ. આ લતા હિંદની સરહદનો ભાગ તથા પંજાબને છોડીને બાકીના આખા હિંદમાં તથા સિંહલદ્વીપ, જાવા, સિયામ વગેરે ઉષ્ણ જલવાયુવાળા પ્રદેશમાં પુષ્કળ થાય છે. ખપત અને જલવાયુની અનુકૂળતા અનુસાર ન્યૂનાધિક માત્રામાં તેની ખેતી કરવામાં આવે છે. તેની ખેતીમાં મહાન પરિશ્રમ પડે છે. આ વેલ અત્યંત કોમળ હોવાને કારણે અધિક શરદી કે ગરમી સહન કરી શકતી નથી. તેની ખેતી તળાવ કે ઝીલ આદિના કિનારે ઊંચી ઢાળવાળી જમીન બનાવી કરવામાં આવે છે. તડકા અને હવાના જોસથી બચાવવા વાંસ આદિના મંડપ બનાવવામાં આવે છે અને તેની ચોતરફ ટટ્ટી બાંધવામાં આવે છે. મંડપની અંદરના ભાગમાં વેલા ચડાવવામાં આવે છે. આ મંડપને પાનનો બંગલો, બરેવ કે બરૌજા કહેવામાં આવે છે. વેદો, સૂત્રગ્રંથો, વાલ્મીકિ રામાયણ તથા મહાભારતમાં પાનનું નામ ક્યાંય આવતું નથી. પરંતુ પુરાણોમાં અને વૈદ્યક ગ્રંથોમાં તેનો ઉલ્લેખ બહુ મળે છે. વિદેશી મુસાફરોએ ભારતવાસીઓની પાન

ખાવાની આદત જણાવેલી છે. અત્યંત પ્રાચીન ગ્રંથોમાં પણ તેનું નામ નહિ હોવાથી એવું જણાય છે કે પાન ખાવાનો વહેવાર પ્રથમ પૂર્વ તથા દક્ષિણમાં જ હતો. વૈદિક પૂજનમાં પાન નથી, પણ આજકાલ પ્રચલિત તાંત્રિક પદ્ધતિમાં પાનનું કામ અવશ્ય પડે છે.

**એલચી** = એક જાતનો ગરમ મસાલો; એક સુગંધી વેલનાં બી. તે હિંદુસ્તાન, કોચીન, ચીન, સીઆમ અને સીલોનમાં જથ્થાબંધ થાય છે. સૌથી સરસ એલચી મલબારની ગણાય છે. જૂની એલચીમાં જંતુ ઉત્પન્ન થતાં હોવાથી ભૂલથી ખાવામાં આવે તો કોઢ થાય. એલચીની મુખ્ય જાતો: કાગદી, મલબારી અને ધોયેલી. ખાવામાં કાગદી અને મલબારી એલચી વપરાય છે. દૂધના ખોરાક ઉપર ખાવી વધારે સારી મનાય. તેથી ગરમીની ઉધરસ મટે અને સાદ ઊઘડે.

**લવિંગ** = ઉષ્ણ પ્રદેશમાં થતા તેજાનાના છોડમાં થતી કળી; એક જાતનો તેજાનો; દેવકુસુમ; શ્રીસંજ્ઞ; શ્રીપ્રસૂનક. તે ઢોળાવવાળી રેતીની અને ખૂબ ખાતરવાળી ફળદ્રુપ જમીનમાં દરિયાથી ૧,૫૦૦ ફૂટ ઊંચી જમીન ઉપર થાય છે. બીમાંથી નવાં ઝાડ થાય છે અને વાવ્યા પછી દોઢ માસે ઊગી નીકળે છે. રોપા ઘણા ધીમે વધનારા છે. ફૂટ સવા ફૂટ ઊંચા થાય ત્યારે કાયમની જગ્યાએ બાવીસ ફૂટ દૂર રોપવામાં આવે છે. સાતથી આઠ વરસની ઉમર થાય ત્યારે તેમાં લવિંગ લાગે છે અને જેમ ઝાડ મોટું થાય તેમ વધારે લવિંગ લાગતાં જાય છે. તે પાતળાં અને લંબગોળ હોય છે જેને ફૂલ આવે છે. આ ફૂલ ઉઘડવા દીધા સિવાય વીણી લઈ સૂકવવામાં આવે છે તેને જ લવિંગ કહેવામાં આવે છે.

લવિંગ શિવની શક્તિ દર્શાવે છે જયારે એલચી માતા પાર્વતીની શક્તિ દર્શાવે છે. લવિંગ પુરુષનું પ્રતીક છે જયારે એલચી પ્રકૃતિનું પ્રતીક છે. શ્રુષ્ટિની દરેક વસ્તુ શિવ અને શક્તિના મીલનથી કાર્યશીલ બને છે.

આધ્યાત્મિક દૃષ્ટિકોણથી જોતા એલચી અને લવિંગનું ખૂબજ મહત્ત્વ છે. એલચીને આડી રાખી તેના પર લવિંગને ઊભું મૂક્તાં તે શિવલિંગનો આકાર ધારણ કરે છે જે શિવ અને શક્તિના મિલનનું પ્રતીક દર્શાવે છે. માનવ સર્જન પણ પરમાત્માની એક ઉમદા રચના છે. એ એક ગતિશીલ મંદિર જેવું છે. એલચી અને લવિંગને ગહન શ્રદ્ધાથી શિવશક્તિના ચિહ્નરૂપે લઈને જયારે અંતરમનમાં આપણે ઓમ્ નો જાપ કરીએ છીએ ત્યારે આપણા આ શરીરરૂપી મંદિરમાં આપણે એ શિવલિંગ અથવા શિવશક્તિનું આહ્વાન કરીએ છીએ. તદ્દુપરાંત વધુમાં એમના પર દિવસ રાત જળાભિષેક કરવાથી જન્મોજન્મથી એકઠાં થયેલ અને પથરાયેલા રજોગુણ અને તમોગુણરૂપી મેલના આવરણો ધોવાના પ્રયત્નો કરીએ છીએ અને શુદ્ધતા અને સત્ત્વગુણથી આપણા મનને પવિત્ર કરીએ છીએ. આ પ્રયત્ન માનવના શરીરમાં એક દિવ્ય શક્તિ ઉત્પન્ન કરે છે જે જીવરૂપે આ શરીરમાં રહે છે. એને જીવન જીવવાની શક્તિ પ્રદાન કરે છે તેમજ શરીરની આંતરિક બીમારીઓ દૂર કરીને આત્મશક્તિથી ભરી દઈ છે, જેનાથી આપણને આપણા અંતરાત્મારૂપી એ પરમાત્માના દર્શન થાય છે જે બ્રહ્મનો એક અભિન્ન અંશ છે.

**ધ્રો** = એક જાતનું ઘાસ; ધરો; દૂર્વા. તેનાં બી લીલાંછમ અને સુશોભિત દેખાય છે. વરસાદ ન પડે અને જ્યારે બધી વનસ્પતિ સુકાય છે ત્યારે આ ઘાસનાં મૂળ લીલાં જ રહે છે. એ વનસ્પતિ પવિત્ર મનાતી

હોવાથી દેવપૂજામાં અને ગણપતિને ચડાવવામાં વપરાય છે. આ ઘાસ ચરિયાણ કે ચારા માટે શ્રેષ્ઠ ગણાય છે. ધ્રો ત્રણ જાતની છેઃ ગાંઠાવાળી ધ્રો, ધોળી ધ્રો અને લીલી ધ્રો. ગાંઠાવાળી ધ્રો ખડ તરીકે ઉપયોગી છે. ધોળી ધ્રોનું ખડ મીઠું હોય છે. લીલી ધ્રો પણ ખડ તરીકે ઉપયોગી છે.

દરેક કાર્યની સફળતા માટે આપણે ગણેશજીની પૂજા કરીએ છીએ, ઈશ્વર પાસે આપણે સફળતા મેળવવા માટે જ્ઞાન અને વાક્ચાતુર્યની કામના કરીએ છીએ. આપણે ગણપતિ પાસે જ્યારે પણ પ્રાર્થના કરવા જઈએ તો તેમની પ્રિય વસ્તુ મોદક, લાડુ અને દુર્વો લઈ જઈએ છીએ. આપણે ભગવાન શ્રી ગણેશને દૂર્વો એટલા માટે ચડાવીએ છીએ કે દૂર્વો મંગળકારી, પાપનાશક અને સુખ-સમૃદ્ધિ આપનાર છે.

**દાડમ** = અનાર; દાડિમ; મીઠા રસદાર દાણાવાળું એક ફળ. દાડમના દાણા લાંબા, લાલ અને મોતી જેવા હોવાથી સુંદર દાંતને તેની ઉપમા આપવામાં આવે છે. દાડમ લીલાં તેમ જ સૂકાં પણ વેચાય છે, એટલે તેનો લીલા તેમ જ સૂકા મેવામાં સમાવેશ થાય છે. તેનાં ઝાડ હિંદમાં સર્વત્ર થાય છે. અરબસ્તાનમાં આવેલ મસ્કતનાં દાડમ ઉત્તમ મનાય છે. તેમાં બી ઓછાં હોય છે, પણ રસ ઘણો હોય છે. દાડમનાં ઝાડ બે અઢી માથોડાં ઊંચાં થાય છે. તેની બે જાત છેઃ જેને ફૂલો આવે છે તેને ગુલનાર કહે છે. બીજી જાતનાંને ફળ અને ફૂલ બન્ને આવે છે. ફૂલો કસુંબી રંગનાં પીળી ઝળકીવાળાં હોય છે. ધોળકા, કાબુલી, ભાવનગરી, દેશી એમ દાડમની જુદી જુદી જાત થાય છે. મુસલમાની ગ્રંથકારો મીઠું, ખાટું અને ખટમીઠું એમ ત્રણ પ્રકારના દાડમ બતાવે છે.

**હાયડા** = ખાંડની ચાસણીમાંથી અલગ જ રીતે તૈયાર કરવામાં આવતી એક જાતની મીઠાઈ.

ગામડામાં આજેય કેટલીક પરંપરાઓ સામાજિક વ્યવહારના રૂપમાં તહેવાર મુજબ જળવાયેલી છે. કેટલાય સમાજોમાં દીકરી જીવે ત્યાં સુધી તેને હોળીના પર્વ નિમિત્તે `સુખડો' આપવાની પ્રથા હજુ જળવાયેલી છે. `સુખડો'? એટલે કે હોળી પર્વ નિમિત્તે મીઠાઈ, ગોળ, ખજૂર, ટોપરા અને ખાંડની ચાસણીમાંથી અલગ જ રીતે તૈયાર કરવામાં આવતા હાયડા વગેરે માવતર તરફથી દીકરી જ્યાં હોય ત્યાં તેને દર વરસે પહોંચાડવામાં આવે છે. આ ખાંડની ચાસણીમાંથી બનાવવામાં આવતા હાયડા તો દીકરીના ઘેર નાનું બાળક જન્મ્યા બાદ કે પ્રથમ હોળી આવે ત્યારે મીઠાઈના રૂપમાં અપાય છે. આ હાયડો બનાવવાની ખાસ કળા છે. માટીનું બીબું ઢાળીને ગોળ અને ચોરસ આકારમાં વચ્ચે કાચો દોરો મૂકીને હારની માફક બનાવાય છે, જે હોંશભેર આપવામાં આવે છે. અમૂક સમાજમાં તો દીકરાની સગાઈ થઈ હોય ત્યાં કુંવારી પુત્રવધૂને હાયડો આપવાની પ્રથા છે. મામા તરફથી ભાણેજને હાયડો પહેરાવીને હોળીનાં દર્શન અને પ્રદક્ષિણા કચ્છભરમાં કરાવાય છે. આ હાયડો બનાવવાના ખાસ કારીગરો હોય છે, એ કંદોઈ ઓછા બનાવે છે, પરંતુ ગામડાના કેટલાક લોકો આવો મોસમી વ્યવસાય કરીને ઘરનું ગુજરાન પણ ચલાવે છે.

**કમળકાકડી** = એક ઔષધિ; કમળનું બીજ; કાળા કઠણ પડનું એરંડીના જેવડું નાનું લંબગોળ ધોળા મીંજવાળું કમળના ડોડામાં થતું એક ફળ કે બી; પબડી; કમળાક્ષ. કમલકાકડી એ રક્તકમળનું ફળ કહેવાય છે.

દેવી લક્ષ્મીજીને ભોગ ચડાવવા માટે કમળકાકડી ધરવામાં આવે છે. બીજમાં સાત્વિક અને શુદ્ધતાનો ગુણ હોવાથી તેનો સીધો સંબંધ આ જગતના સંચાલક શ્રી વિષ્ણુ ભગવાન સાથે છે. કમળ મોટે ભાગે અશક્ય અને મુશ્કેલ વાતાવરણમાં પણ સુંદર રીતે ખીલે છે. જે આપણા સર્વાંગી વિકાસ અને વૃદ્ધિ માટે એક ઉદાહરણરૂપ છે.

**ધાણી** = જુવાર, જઉ, ઘઉં અથવા બાજરીને શેક્યાથી ફૂલીને ફાટેલા અનાજનાં દાણા.

**મીંઢળ** = મીંઢળ ઝાડનું સોપારી જેવડું બાજરિયાં રંગનું ફળ; મીંઢોળ; મદનફળ; શુભ પ્રસંગે, શુભ ક્રિયાઓમાં વાપરવામાં આવતું એ નામનું એક જાતનું ફળ. આ ફળ માણેકસ્તંભને તથા વરકન્યાના કાંડે લગ્ન પ્રસંગે બાંધવાનો રિવાજ છે. તેનો વાસ્તવિક હેતુ નીચે પ્રમાણે સંભવિત છે. લગ્નનો પ્રધાન ઉદ્દેશ પ્રજાવૃદ્ધિ છે. મીંઢળ એ એક ચમત્કારિક ઔષધિરૂપ ફળ છે. તેને સંસ્કૃતમાં મદનફળ એટલે કામદેવનું ફળ પણ કહે છે એ જૂના કાળથી પ્રચલિત છે. લગ્નના ઉમેદવારોમાં ધર્મવિહિત સ્વાભાવિક કામનાનો ઉદય થઈ પ્રજોત્પત્તિની આશામાં ઉજ્જવળ પરિણામ આવે અને બેઉ શરીરમાંથી પ્રતિરોધ કરનારમાં પરમાણુઓ ફળના સંસર્ગથી નાશ પામે તેવી ભાવના નાડાછડીમાં પરોવીને બાંધવાથી સેવાય છે. આવા પ્રસંગમાં કોઈ સંયોગવશાત્ વર કે કન્યાને કોઈ ઝેરી જંતુનો દંશ થયો હોય અગર ભૂલથાપથી કોઈ વિષમય વસ્તુ ખવડાવવામાં આવી હોય, ત્યારે તાત્કાલિક ઉપાય તરીકે મીંઢળને ઘસીને પાવાથી જલદી ફાયદો થાય છે. લગ્નના આનંદથી ઊભરાતા પ્રસંગમાં કેટલાક છૂપા વિધ્નસંતોષીઓ પોતાની ચોટ, મૂઠ વગેરે મલિન વિદ્યાનો ઉપયોગ કરી રસમાં ભંગ કરવા સાહસ કરે છે, ત્યારે વરકન્યાને બાંધેલ મીંઢળફળ તેમની રક્ષા કરે છે. તદ્ઉપરાંત આયુર્વેદની દૃષ્ટિએ પણ આ ફળ પ્રજાવૃદ્ધિનો કે ગર્ભધારણનો એક ઉપચાર છે. વૈદ્યો કે હકીમો અગાઉ લક્ષ્મણા નામક કંદનો સંતાન પ્રાપ્તિ માટે ઉપયોગ કરતાં અને સારું પરિણામ લાવતા હતા. પણ એ કંદ અપ્રાપ્ય હોવાથી તેને ઠેકાણે સફેદ ભોરિંગડીના મૂળનો અને મીંઢળનો પણ ઔષધ તરીકે ઉપયોગ થાય છે. ચોમાસાને માટે જે ધાન્ય સંગ્રહ કરી રાખવાનું હોય તેમાં લીલા મીંઢળ નાખવાથી ધાન્ય સડી જતું નથી.

**ગેહૂઆં સૂતર** = સૂત્ર; રૂનો કાચો દોરો; રૂ કાંતીને કાઢેલો તાર;

દેવને સ્નાન કરાવ્યા પછી શરીરને સ્વચ્છ કપડાથી સાફ કરી, તેમને સૂતર, પીતાંબર વગેરે વસ્ત્ર પહેરાવવામાં આવે છે.

**ગણા** = ગળી પૂરી; ખાવાની એક વાની.

**ફાફડો** = ચણાના લોટનું પૂરી જેવું એક જાતનું ફરસાણ.

**પૂરી** = તળેલી વાની; ઘઉં વગેરેની તળેલી રોટલી; ભાખરી કે તેના જેવી તળેલી ગોળ બનાવટ; પૂરિકા; માખણ કે ઘીમાં તળેલી એક જાતની તાજી વાની; ઘઉં, ચણા વગેરેની ઘી કે તેલમાં તળેલી નાની રોટલી.

**દીવડી** = નાનો દીવો.

**આખળિયો** = લગ્ન પ્રસંગે વરકન્યાને કંસાર પીરસતી વખતે થાળી નીચે રાખવામાં આવતો ત્રણ પાયાનો પાટલો.

દીપક કનકસિંહ

સંકલનકર્તા

*ગોરબાઈ તહેવારની ઉજવણી*

*તારીખ ૧૩-૩-૨૦૧૭ થી તારીખ ૩૦-૩-૨૦૧૭ સુધી શ્રીમાન ધીરેન્દ્ર દુલ્લભદાસ અને શ્રીમતી વ્રજની ભદ્રશીની સુપુત્રી ખિલોનીએ ગોરબાઈ તહેવારની ઉજવણીનો કાર્યક્રમ યોજ્યો હતો, જ્યારે વડીલ મહિલાઓ દ્વારા સૌને આશીર્વાદ પાઠવવામાં આવ્યાં હતા. દરેક કન્યાઓએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક ગોરબાઈની પૂજા કરી, નૃત્ય કર્યાં અને સમૂહ ભોજન પણ માણ્યું.*

હું શ્રીમતી અરવિંદા ભગવાનદાસ, શ્રીમતી કીર્તિ મણિલાલ અને શ્રીમતી કલ્પના ભદ્રસેનનો આભારી છું, જેમણે મને ગોરબાઈ પૂજાની વિધિઓની રૂપરેખા પૂરી પાડેલ છે. તેઓના સાથ અને ઉત્સાહભર્યા યોગદાન વિના આ કાર્ય શક્ય ન હોત. તેઓએ કરેલ ગોરબાઈ ઉત્સવના અનુભવોનો ઉલ્લેખ કરવામાં મને ઘણી ખુશી છે.

*“અમે છિદ્રિત માટીના માટલામાં એક પ્રગટાવેલ દીવો મૂકી હોળીની જગ્યાએ જતાં, જ્યાં રેતીના ઢગલા ઉપર આ માટલાને મૂકી અમારી હાથની હથેળી સાથે થાબડતાં અને જે ધૂળ ઉડતી તે રસપ્રદ અને રમણીય અસર પેદા કરતી.” શ્રીમતી અરવિંદા ભગવાનદાસ*

*“ફાગણ સુદ પડવાના દિવસથી અમે છિદ્રિત માટીના એક માટલાની અંદર ઘીનો દીવો મૂકી તેને અમારા માથે ધારણ કરીને આડોશપાડોશમાં ઘેર ઘેર જતાં, જ્યાં ગોરબાઈના ગીતો ગાતાં અને બાજરો તેમજ તેલ ભેટ તરીકે લોકો તરફથી મેળવતાં. પછી આ બાજરો અને તેલ અમે કોઈ દુકાનદારને વેચી અને વેચાણમાં મેળવેલા પૈસા અમારા બધા વચ્ચે વિતરણ કરી લેતા.” શ્રીમતી કીર્તિ મણિલાલ*

*“સાલ ૨૦૦૦ થી અહીં વસવાટ કર્યો છે ત્યારથી મનમાં એક ઈચ્છા હતી કે ગોરબાઈ હોય તો આપણે આ ઉત્સવ અહીં યુકે ખાતે ઉજવીયે. ૨૦૦૭ ની સાલમાં જયારે દેશ ગઈ હતી ત્યારે ત્યાંથી હું ગોરબાઈની એક મૂર્તિ લઈ આવેલ. એટલે સાલ ૨૦૦૮ માં ફાગણ માસ આવતા ખૂબજ ઉત્સાહ અને અતૂટ શ્રદ્ધાપૂર્વક આ ઉત્સવની સૌ પ્રથમ મારે ત્યાં બ્રેકનેલમાં ઉજવણી કરી. આજુબાજુનો માહોલ અને સંજોગો આ ઉત્સવને*

*અનુકૂળ થયા અને યુકેની મોટા ભાગની મહિલાઓ અને કુંવારી કન્યાઓના સાથ સહકાર અને ઉત્સાહના ઉમળકા સાથે શરૂથી લઈને પૂર્ણાહુતિ સુધી આનંદભેર આ ઉત્સવ ઉજવ્યો." શ્રીમતી કલ્પના ભદ્રસેન*

આ લેખના સંપાદન કાર્ય અને ભાષાકીય સુધારા માટે જેનું સદા ઉત્સાહભેર, પ્રોત્સાહનથી ભરપૂર અને અતૂટ યોગદાન રહ્યું છે એવા ગુજરાતી ભાષાના નિષ્ણાત ભાઈ પ્રદીપ વસંતલાલનો હું ખૂબ ખૂબ આભારી છું.

હું કુમારી ખિલોની ધીરેન્દ્રનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું જેમણે આ લેખ માટે ઉપયોગમાં લેવાયેલ દૃષ્ટાંતરૂપ તસવીરો પૂરી પાડેલ છે.

વધુમાં હું શ્રીમતી બિલેશ્વરી ગોકળદાસ, શ્રીમતી વિદ્યા ગોકળદાસ, શ્રીમતી ભવન્તિ ધીરજલાલ અને શ્રીમતી કીર્તિ મણિલાલનો ખૂબ ખૂબ આભાર માનું છું, જેમણે આ લેખ માટે ઉપયોગમાં લેવાયેલ ગોરબાઈનાં ગીતો, આરતી, ગરબા અને સ્તુતિ વગેરે લેખિતમાં પૂરાં પાડવા માટે મહત્ત્વની ભૂમિકા અદા કરી છે.

ગોરબાઈનાં ગીતો, આરતી, ગરબા અને સ્તુતિ નીચે આપેલ છે.

*માતા ગૌરીની સામુહિક રીતે આરતી ઉતારવામાં આવે છે. ગૌરી, ઉમા, લલિતા, સુભગા, ભગમાલિની, કાત્યાયની, ભવાની, કામેશ્વરી, ભાર્ગવી અને અંબિકા માતા, આમ ગૌરીનાં આ બધા જ સ્વરૂપોની શ્રદ્ધાપૂર્વક આરતી ઉતારવામાં આવે છે.*

## *પારવતી બાઈ, પારવતી બાઈ*

*પારવતી બાઈ, પારવતી બાઈ, સતનો દીવડો, સતની ગાય,*

*ગાય રે ગાય, ગોરી રે ગાય,*

*નત નત ડુંગર ચડવા જાય, ચડતે ચડતે ઓગટ પડી તો,*

*ગાયનું શીંગડું સોને જયડું, મોતીડે જયડું, હીરે જયડું,*

*ગાય આવે ટબક, ટીલી કરું ટબક, ભાઈ આવે જબક,*

*ભાઈ લાવે ટોપરાં, ખાય ભાભીના છોકરાં,*

*ભાભુડી છે ભોળી, દિ'સે આંબા ટોળી,*

ટોળી વાડે જાતી, ખાટા ખોરા ખાતી, જોગીને જમાડતી.

પે'લીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

બીજીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

ત્રીજીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

ચોથીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

પાંચમીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

છઠીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

સાતમીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

આઠમીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

નવમીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

દસમીને આરતી, કરું રે હું હાથે, દાસ તમારો આઈ,

તું બડી આઈ આઈ, બે'નની ભાત રે બાળકુંવારાં!

રન્નાદે તું બડી આઈ આઈ.

એકડે એક ગોર પૂજું, બગડે બે ગોર પૂજું,

તગડે ત્રણ ગોર પૂજું, ચોગડે ચાર ગોર પૂજું,

પાંચડે પાંચ ગોર પૂજું, છગડે છ ગોર પૂજું,

સાતડે સાત ગોર પૂજું, આઠડે આઠ ગોર પૂજું,

નવડે નવ ગોર પૂજું, દસડે દસ ગોર પૂજું,

અગિયારસના અપવાસ કીધાં, બારસના પાયણાં કીધાં,

ધન રે ધન દીવા ધન, છાસ વલોણાં કીધાં ધન,

ગાયના ગોવાળ, ગાયના ગોવાળ, તારું ધન સંભાળ,

સોનાનું સાંકળુ, રે'વાનું આંગણું, ગોરબાઈનું આણું,

ગોરબાઈ વે'લાં વે'લાં આવજો.

---

વેવિશાળ પ્રસંગે ચૂંદડી ઓઢાડતી વખતે ગવાતું ગીત.

**મારા નખ ના પરવાળા જેવી**

મારા નખ ના પરવાળા જેવી ચૂંદડી

મારી ચૂંદડીનો રંગ રાતો હો લાડલી

ઓઢોને સાહેબજાદી ચૂંદડી

હું તો કેમ કરી ઓઢું રે સાયબા ચૂંદડી

મારા દાદાજી દેખે માતાજી દેખે

કેમ રે ઓઢું રે સોરંગ ચૂંદડી

તમારા દાદાના તેડ્યાં અમે આવશું

તમારી માતાના મન મોહશે હો લાડલી

ઓઢોને લાડકવાયી ચૂંદડી

હું તો કેમ કરી ઓઢું રે સાયબા ચૂંદડી

મારા વીરોજી દેખે ભાભી દેખે

કેમ રે ઓઢું રે સોરંગ ચૂંદડી

તમારા વીરાના તેડ્યાં અમે આવશું

તમારી ભાભીના ગુણલાં ગાશું હો લાડલી

ઓઢોને સાહેબજાદી ચૂંદડી

---

નાની મોટી છોકરીઓ ગૌરી વ્રત દરમ્યાન આ ગીત ગાતી હોય છે. ગોરમાની પૂજામાં માત્ર સુંદર વર જ નહિ, સ્વર્ગ સમું સાસરું પણ મંગાય છે. સંયુક્ત કુટુંબ અને તેના સંવાદની ચાહના કન્યાના વ્રત પાછળ છે. સસરો સવાદિયો હોય તો જ ઘરમાં સારી ખાદ્ય વસ્તુઓ બને અને સાસુ ભુખાળવાં હોય તો જ વહુને ખાવાનો આગ્રહ કરે ને? કહ્યાગરો કંથ, દેર દેરાણી, જેઠ જેઠાણી, નણંદ, અને આંગણે દૂઝતી ભગરી ભેંસથી

ભર્યો ભાદર્યો સંસાર આપણા મલકની કોડીલી કન્યાઓને જોઈએ છે. ગોરબાઈ વ્રતની પાછળ રહેલી સુંદર ભાવના આ લોકગીતમાં સરળ રીતે અભિવ્યક્ત થાય છે.

## ગોરમા રે ગોરમા રે

ગોરમા રે ગોરમા રે પૂજું તમને પ્રેમે

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે માંગું તમ થી એટલું

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે ખાવા દેજો જાર બાજરો

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે કાઠા તે ઘઉંની રોટલી

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે મહીં રે માળવિયો ગોળ

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે આદુ કેરીનાં આંથણાં

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે બત્રીસ ભોજન જમતા

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે સસરો દેજો સવાદિયાં

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે સાસુ દેજો ભુખાળવાં

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે દેર ને જેઠ બે ઘોડલે

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે ભગરી ભેંસના દૂઝણાં

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે દેરાણી જેઠાણી ના જોડલાં

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે નણંદ દેજો સાહેલડી

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે કંથ દેજો કહ્યાગરો

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે પુત્ર દેજો પુરુષોત્તમ

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે રૂમઝુમતી વહુ મારે આંગણે

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે દીકરી દેજો ઘાટલડી

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે છેલ છબીલો જમાઈ

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે ભાભી દેજો હોંશીલાં

તમે મારી ગોરમા છો!

ગોરમા રે ગોરમા રે આટલું દિયો તો બસ છે

તમે મારી ગોરમા છો!

---

માતાજીની પૂજા, અર્ચના અને સ્તુતિપાઠ કરવામાં આવે છે. માતાજીને ખરા ભાવે સ્તુતિ કરીએ કે હે મા, દુર્બુદ્ધિને દૂર કરી સૌને સદબુદ્ધિ આપો. તમે આખા વિશ્વના જનેતા છો, અમે સૌ તમારા બાળકો છીએ. અમે સંસારચક્રમાં ફસાયા છીએ. આ મહાભવરોગમાંથી અમને સૌને ઉગારો.

## વિશ્વંભરી સ્તુતિ

વિશ્વંભરી અખિલ વિશ્વ તણી જનેતા,
વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા;
દુર્બુદ્ધિને દૂર કરી સદબુદ્ધિ આપો
મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

ભૂલો પડી ભવરણે ભટકું ભવાની,
સુઝે નહિ લગીર કોઇ દિશા જવાની;
ભાસે ભયંકર વળી મનના ઉતાપો,
મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

આ રંકને ઉગરવા નથી કોઇ આરો,
જન્માંધ છું જનની હું ગ્રહી બાંહ્ય તારો,
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો,
મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

મા કર્મ જન્મ કથની કરતાં વિચારું,
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઇ મારું,
કોને કહું કઠિન યોગ તણો બળાપો,
મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો,

આડંબરે અતિ ઘણો મદથી બકેલો,

દોષો થકી દૂષિત ના કરી માફ પાપો,

મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

ના શાસ્ત્રના શ્રવણનું પયપાન પીધું,

ના મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઇ કીધું,

શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો,

મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

રે રે ભવાની બહુ ભૂલ થઇ જ મારી,

આ જિંદગી થઇ મને અતિશે અકારી,

દોષો પ્રજાળી સઘળાં તવ છાપ છાપો,

મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

ખાલી ન કાંઇ સ્થળ છે વિણ આપ ધારો,

બ્રહ્માંડમાં અણું અણું મહીં વાસ તારો,

શક્તિ ન માપ ગણવા અગણિત માપો,

મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

પાપે પ્રપંચ કરવા બધી વાતે પૂરો,

ખોટો ખરો ભગવતી પણ હું તમારો,

જાડ્યાંધકાર દૂર કરી સદ્બુદ્ધિ આપો,

મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

શીખે સુણે રસિક છંદ જ એક ચિત્તે,

તેના થકી વિવિધ તાપ ટળે ખચિત્તે,

વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો,

મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

શ્રી સદગુરુ શરણમાં રહીને યજું છું,

રાત્રિદિને ભગવતી તુજને ભજું છું,

સદભક્ત સેવક તણા પરિતાપ ચાપો,

મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

અંતર વિષે અધિક ઊર્મિ થતાં ભવાની,

ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાણી,

સંસારના સકળ રોગ સમૂળ કાપો,

મામ્ પાહિ ઓમ્ ભગવતી ! ભવ દુઃખ કાપો.

---

સારો ભરથાર પ્રાપ્ત થાય તેવી ભાવના સાથે નાની કન્યાઓ આ ગરબો ગાતી હોય છે. ખાસ કરીને ગૌરીની પૂજા કરી ભગવાન શંકર જેવો પતિ પ્રાપ્ત થાય તેવી કામના આ ગીત દ્વારા કરાતી હોય છે. કન્યાના મનની તરંગી સ્થિતી આ લોકગીતમાં ખૂબ જ સુંદર રીતે આલેખાઈ છે.

## ગોરમા, ગણપત લાગું પાય કે વિધાતાને વિનવું રે લોલ

ગોરમા, ગણપત લાગું પાય કે વિધાતાને વિનવું રે લોલ;

ગોરમા, ઘરડો રે ભરથાર કે તેં આપ્યો શું મને રે લોલ.

ગોરમા, ધિક્ ધિક્ મુજ અવતાર કે શું કહું તમને રે લોલ;

ગોરમા, રણસગો મુજ તાત કે મા મારી પાપણી રે લોલ.

ગોરમા, સંસાર દીધો છે સરપ કે સેજે થઈ સાપણી રે લોલ;

ગોરમા, હું છું નાનું બાળ કે પિયુ તો ઊંટિયો રે લોલ.

ગોરમા, દીઠે પડે છે ફાળ કે મૂરખ છે બુઢિયો રે લોલ;

ગોરમા, મારુ જોબન થયું છે તન કે પિયુ ઘરડો થયો રે લોલ.

ગોરમા, હું કહું કોકિલ શબ્દ કે પિયુ તો સૂઈ રહે રે લોલ;

ગોરમા, મુજને થયા વરસ સોળ કે પિયુને એંશી થયા રે લોલ.

ગોરમા, દીઠે જાણે જક્ષ કે બુદ્ધિ સઘળી ગઈ રે લોલ;

ગોરમા, શિયાળાની રાત કે શરદ સોહામણી રે લોલ.

ગોરમા, વૃદ્ધ પિયુની જાત કે દિ'સે બિહામણી રે લોલ;

ગોરમા, ચાળા કરતો બોલે કે કર ગ્રહી લાકડી રે લોલ.

ગોરમા, શિયાળાની રાત કે સ્વાદ હોય અતિ ઘણો રે લોલ;

ગોરમા, રજની વીતી એક કે આજ મારે આંખડી રે લોલ.

ગોરમા, ઘરડા વરને પરણી કે અર્થ શો સરે રે લોલ;

ગોરમા, નવરાત્રીના દિન કે શરદ સોહામણી રે લોલ.

ગોરમા, દૂબળા મારા કંથ કે દિન જાય દોહ્યલા રે લોલ;

ગોરમા, વિજયાદશમી દિન કે સહુ શણગાર સજે રે લોલ.

ગોરમા, મારે ઘરડો કંથ કે ધિક્ અવતાર છે રે લોલ;

ગોરમા, સહુને મન દિવાળી કે મારે મન હુતાશની રે લોલ.

ગોરમા, મારા કરમનો ભોગ કે હું નિસાસણી રે લોલ;

ગોરમા, રાત દિવસ ના દેખું કે દેહ મારો બળે રે લોલ.

ગોરમા, મુજ સરખો પુરુષ દેખું કે મન મારું બળે રે લોલ;

ગોરમા, સારા કાળા કેશ કે એના ધોળા થયા રે લોલ.

ગોરમા, હું થઈ જોબન વેશ કે તન મારું બળે રે લોલ;

ગોરમા, મોઢે આવે લાળ કે નેત્રે નીર ઝરે રે લોલ.

ગોરમા, હું નવરંગી નાર કે તન મારું બળે રે લોલ;

ગોરમા, સેજે બિછાવું પુષ્પ કે તે દેખી ડરે રે લોલ.

ગોરમા, શ્વાસ ઉધરસની પીડા કે પિયુ ઊંધો સૂઈ રે લોલ;

ગોરમા, આભૂષણ પહેરું અંગ કે વસ્ત્ર બહુ ભાતના રે લોલ.

ગોરમા, મિથ્યા થયો અવતાર કે સ્ત્રીની જાતમાં રે લોલ;

ગોરમા, શું આપ્યો અવતાર કે નાગરી નાતમાં રે લોલ.

ગોરમા, સુખ ન પામી એક કે દુઃખ બહુ ભાતના રે લોલ;

ગોરમા, જેને જોબન કંથ કે પુણ્ય કીધાં હશે રે લોલ.

ગોરમા, મેં કીધાં બહુ પાપ કે હું વૃદ્ધની વહુ રે લોલ;

ગોરમા, ઓરતો ન વીત્યો એક કે અધરણીની રીતનો રે લોલ.

ગોરમા, પુરુષ ન દીઠો એક કે પૂરી પ્રીતનો રે લોલ;

ગોરમા, શિવજી પૂજું સદાય કે પામું જોબન ધણી રે લોલ.

ગોરમા, મન મારું વ્યાકુળ કે એનું કેમ ગળ્યું રે લોલ;

ગોરમા, નથી સાસુ નણંદ કે હું તો જીવતી રહું રે લોલ.

ગોરમા, પિયુજી આવે ઘેર કે હું ભમતી ફરું રે લોલ;

ગોરમા, લાવ્યા એકજ વસ્ત્ર કે હું તો શું કરું રે લોલ.

ગોરમા, દુ:ખના ઊગ્યા ઝાડ કે મા મારે પારવવા રે લોલ;

ગોરમા, હું સંપૂર્ણ કુંભ કે મા મારી જાળવે રે લોલ.

ગોરમા, લોક સાથે કરું હોંશ કે મા મારી વારતી રે લોલ;

ગોરમા, જાણતાં દેતી ફાંસી કે વિષ દઈ મારતી રે લોલ.

ગોરમા, પિયુજી પોઢ્યા બહાર કે જાણે થાઉં સતી રે લોલ;

ગોરમા, હવે મારું એક સત્ય કે કરમ તણી ગતિ રે લોલ.

ગોરમા, વિનંતી કરું એક કે કરમ તણી ગતિ રે લોલ;

ગોરમા, કર જોડી લાગું પાય કે સમર્થ દેજો પતિ રે લોલ.

ગોરમા, સહુને દેજો જોડ કે માતા કરુણા કરી રે લોલ;

ગોરમા, કામી દેજો કંથ કે વલ્લભ કહે કરગરી રે લોલ.

---

ઊંચા ડુંગરોમાં બિરાજેલ મા અંબાને આમંત્રણ પાઠવતાં અંબાજીના ભક્તો માતાજીના ગરબામાં ભાવવિભોર બનીને શક્તિના સ્થૂળ સ્વરૂપને નહિ પરંતુ સૂક્ષ્મ રૂપને પૂજે છે તે આ ગરબામાં અભિવ્યક્ત થાય છે.

## અંબે મા પાય લાગું રે

અંબે મા પાય લાગું રે

માજી પથ્થરમાંથી પ્રગટ થયાં રે,

માજી વસિયાં ડુંગર માંય, રે અંબે,

માજી પથ્થરમાંથી પ્રગટ થયાં રે,

માજી વસિયાં ડુંગર માંય, રે અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી પિત્તળ લોટા જળે ભર્યાં રે.

માજી દાતણ કરતેરાં જાવ રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી ના'વણ કુંડિયો, જળે ભરી રે.

માજી ના'વણ કરતેરાં જાવ રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી રાંધી રસોઈ હેતથી રે

માજી ભોજન કરતાં જાવ રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી મુખવાસ આપીશ એલચી રે.

માજી મુખવાસ કરતાં જાવ રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી રમવા આપીશ સોગઠાં રે.

માજી રમત રમતાં જાવ રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી પોઢણ આપીશ ઢોલિયા રે.

માજી પોઢણ કરતેરાં જાવ રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી આપીશ કુમકુમ લાલ રે.

માજી ટીલડી કરતાં જાવ રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી આપીશ નવલખહાર રે.

માજી શ્રૃંગાર સજતાં જાવ રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી ગુણ તારા સૌ ગાય રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

માજી આવી ગરબા ગાવ રે, અંબે મા પાય લાગું છું પ્રેમથી રે.

---

ગોરબાઈ વ્રતના અંતિમ દિવસે એટલે કે ચૈત્રી સુદ ત્રીજે જાગરણ કરવામાં આવે છે. રાત્રે જાગરણ દરમિયાન કન્યાઓ " ગોરમાનો વર કેસરિયો તે નદીએ નાહવા જાય રે ગોરમા, હાથે પટોળી લાકડી રે તે, ઠમઠમ કરતો જાય રે ગોરમા......." જેવાં ગીતો ગાય છે.

## ગોરમાનો વર કેસરિયો તે નદીએ નાહવા જાય રે ગોરમા

ગોરમાનો વર કેસરિયો, ગોરમાનો વર કેસરિયો,

ગોરમા બારી ઉઘાડો રે, ગોરમાનો વર કેસરિયો.

*આવી પેલી પંથ પૂજારણ, ગોરમાનો વર કેસરિયો,*

*કંઈ બેન ભોળા ને વાંકા અંબોડા,ગોરમાનો વર કેસરિયો.*

*વાંકા અંબોડા ને ઘૂઘરિયાં ચૂડા, ગોરમાનો વર કેસરિયો,*

*ઘૂઘરિયાં ચૂડ સિંદૂરના સેંથા, ગોરમાનો વર કેસરિયો.*

*ગોરમાનો વર કેસરિયો તે નદીએ નાહવા જાય રે ગોરમા,*

*પગમાં પહેરી પાવડી ને પટપટ કરતો જાય રે ગોરમા.*

*માથે તો મુગટ મોડિયું ને છમછમ ફરતો જાય રે ગોરમા,*

*હાથે પટોળી લાકડી રે તે, ઠમઠમ કરતો જાય રે ગોરમા.*

*પાયે બાંધ્યાં ઝાંઝર ને રૂમઝૂમ કરતો જાય રે ગોરમા,*

*દેવો આવ્યાં જોવા ને ઉતારા કરતો જાય રે ગોરમા.*

*હાથે બાજુબંધ બેરખાં રે, ગોરમાનો વર કેસરિયો,*

*ગોરમાનો વર કેસરિયો, ગોરમાનો વર કેસરિયો.*

ગોરબાઈનાં ગીતો, ગરબા અને સ્તુતિ સાંભળવા માટે અંગ્રેજી ભાષાના લેખમાં મૂકેલ કડી દબાવશો.